# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા



सितम्बर २००९

वर्ष ८१ | श्री ५ नवतनपुरी धाम, जामनगर | अंक ९

www.krishnapranami.org



श्री कृष्ण प्राकट्यके अवसर पर मन्दिरमें की गई आरती एवं दर्शनकी झांकी



श्री ५ नवतनपुरी धामके नेतृत्वमें जामनगरके विविध संस्थाओंके सहयोगसे
निकाली गई श्री कृष्ण जन्माष्टमीकी भव्य शोभायात्रा

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

વિ.સં ૨૦૬૬ નિજાનન્દાબ્દ : ૪૨૮ બુદ્ધજી શાકે : ૩૩૨

વર્ષ ૮૧ **સપ્ટેમ્બર ૨૦૦૯** અંક : ૯

| | | |
|---|---|---|
| મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ | } | જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ |
| મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ | } | શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ 001 (ગુજરાત) ભારત |
| સંપાદક(માનદ્) | : | ડૉ. પ્રવીણચન્દ્ર પરીખ |
| સંપાદક મંડળ | : | શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય તથા શ્રી કનકરાય વ્યાસ |

| વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/- |
|---|---|



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ 001 ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtan@sancharnet.in / navtanpuri@gmail.com**

**Website : www.krishnapranami.org/ www.krishnadham.org**


# સદ્‌ગુરુ જયંતી

**નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજ આ ભૂતલ પર અવતરિત થઈને એક તરફ સાધનાનો માર્ગ શિખવાડ્યો તો બીજી બાજુ વ્રજનો પ્રેમભાવ પ્રગટ કર્યો. તેમનું હૃદય અત્યંત નિર્મલ હતું. સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્માએ પ્રગટ થઈને તેઓને પ્રત્યક્ષ દર્શન આપ્યા હતા. એવા સદ્‌ગુરુની જયંતી આસો સુદ ચૌદશ આ વર્ષે તારીખ ૨ જી ઓક્ટોબર ૨૦૦૯ ના રોજ છે. તેના બીજે દિવસે શરદપૂર્ણિમા છે. આ અવસર પર શ્રી ૫ પદ્માવતીપુરીમાં વાર્ષિક ઉત્સવ મનાવવામાં આવે છે. સદ્‌ગુરુ જયંતીના દિવસે સુંદરસાથ પોતાના ઘરોને શણગારે, તોરણ બાંધે જેથી બીજાને પણ જાણ થાય કે તમે સદ્‌ગુરુ જયંતી મનાવી રહ્યા છો.**

# મેહેર સાગર

**પરમ પૂજ્ય જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ**

**(ગતાંક પૃષ્ઠ ૯...થી આગળ)**

શ્રી રાજજીની કૃપા પ્રાપ્ત થવાથી અન્ય બધો વૈભવ પોતાની મેળે પ્રાપ્ત થાય છે જેમકે,

**જ્યોં મેહર ત્યોં જોસ હૈ, જ્યોં જોસ ત્યોં હુકુમ ।**
**મેહેર રહત નૂર બલ લિએં, તહાં હક ઈસક ઈલમ ।। ૨૮**

જેવી શ્રી રાજજીની કૃપા પ્રાપ્ત થાય તેવી જ રીતે તેમનો જોશ પ્રાપ્ત થાય છે. જેવો જોશ પ્રાપ્ત થાય છે તેવો જ તેમનો આદેશ પણ પ્રાપ્ત થાય છે. શ્રી રાજજીની કૃપામાં ચિન્મય શક્તિ સમાયેલી રહે છે ત્યાં પ્રેમ અને જ્ઞાન પણ ઉપસ્થિત હોય છે.

**જ્યોં મેહેર ત્યો જોસ હૈ.......**શ્રી રાજજીની કૃપાનો અનુભવ કરવાવાળો વ્યક્તિ તેમના જોશનો અનુભવ કરે છે. જે આત્માઓ જોશથી પરિપૂર્ણ હોય છે તેમની પ્રત્યેક ક્ષણ પ્રત્યેક વસ્તુમાં શ્રી રાજજીની કૃપાના જ દર્શન થાય છે. તેઓ સદૈવ તેમના જોશનો અનુભવ કરે છે. શ્રી રાજજીની ચર્ચા થવાથી તેમના રોમ-રોમ પુલકિત થઈ જાય છે. આવા આત્માઓ જ શ્રી રાજજીના આદેશને સમજી શકે છે. તેમને જ રાજજીના નિર્દેશનનો ખ્યાલ હોય છે. શ્રી રાજજી પોતાના આત્માઓનું રક્ષણ કરે છે, તેમને આવશ્યક માર્ગદર્શન આપે છે, પરંતુ જે આત્માઓ શ્રી રાજજીની કૃપાનો અનુભવ કરે છે તેઓ જ તેમના માર્ગદર્શનને સમજી શકે છે. જે આત્માઓ શ્રી રાજજીના માર્ગદર્શનમાં ચાલે છે તેમને સદૈવ સફળતા પ્રાપ્ત થાય છે.

**મેહેર રહત નૂર બલ લિએ........**શ્રી રાજજીની કૃપામાં ચિન્મય શક્તિ રહે છે. એક સામાન્ય અધિકારી જો કોઈ કર્મચારી પર કૃપા કરે છે તો તે કર્મચારીને એવો અનુભવ થાય છે કે તેમનું બળ વધી ગયું છે. સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્મા જેના પર કૃપા કરે છે ત્યારે તે આત્માની શક્તિમાં બહુ મોટી અભિવૃદ્ધિ થશે જ. કેમકે શ્રી રાજજીની કૃપામાં ચિન્મય શક્તિ સમાયેલી રહે છે. તે લૌકિક કે પારલૌકિક બધી શક્તિઓથી વિશિષ્ટ છે. લૌકિક શક્તિ પ્રાપ્ત થવાથી અહંકાર વધી જાય છે જેથી જ્ઞાન અને પ્રેમ બન્ને દૂર ચાલ્યા જાય છે. પરંતુ અલૌકિક શક્તિ પ્રાપ્ત થવાથી વિનમ્રતા વધી જાય છે જેથી જ્ઞાન અને પ્રેમ બન્ને દૃઢ થઈ જાય છે. શ્રી રાજજીની કૃપામાં તે શક્તિ બિરાજમાન છે જેથી જ્ઞાન અને પ્રેમ બન્ને પૂર્ણ પણે દૃઢ થઈ જાય છે.

શ્રી રાજજીની કૃપાના સાગરમાં સમાયેલા મધુર સુખનું આસ્વાદન કરતાં કહે છે કે,

**મીઠા સુખ મેહેર સાગર, મેહેર મેં હક આરામ ।**
**મેહેર ઈસક હક અંગ હૈં, મેહેર ઈસક પ્રેમ કામ ॥ ૨૯**

શ્રી રાજજીની કૃપાના સાગરમાં મધુર સુખ છે. આ કૃપામાં પૂર્ણ વિશ્રાંતિ છે. કૃપા અને પ્રેમ બન્ને શ્રી રાજજીના અંગમાં સમાયેલા છે. આ કૃપાથી ઈશ્ક અથવા પ્રેમની વૃદ્ધિ થાય છે.

**મીઠા સુખ મેહેર સાગર......**શ્રી રાજજીની કૃપા સાગરની જેમ અપાર છે. તેના દર્શન, સ્પર્શ, આચમન તથા ડૂબકી મારવાથી મધુર સુખનો અનુભવ થાય છે. જે આત્માઓ આવી કૃપાના દર્શન માત્ર કરે છે તેમને મધુર સુખનો અનુભવ થાય છે. પરંતુ જે એનો અનુભવ કરે છે તેમને તો ઘણા જ વધારે સુખનો અનુભવ થશે. જે આત્માઓ આ કૃપાનું આચમન કરે છે તેમને પણ ડૂબકી મારવાનું સુખ મળે છે. તો જે ખરેખર ડૂબકી મારે છે તેમને કેટલું સુખ પ્રાપ્ત થશે ? આ કૃપાના સાગરમાં ડૂબવાવાળા પણ જીવતાં જ ભવસાગર તરી જાય છે. જે આત્માઓએ શ્રી રાજજીની કૃપાનું આચમન ચાખી લીધું છે તેમને અન્યત્ર ક્યાંય પણ વિશ્રાંતિ મળતી નથી. કેમકે શ્રી રાજજીની કૃપામાં જ પૂર્ણ વિશ્રાન્તિ છે.

**મેહેર ઈસક હક અંગ હૈ.......**કૃપા અને પ્રેમ બન્ને શ્રી રાજજીના અંગ છે. જેના પર કૃપા થાય છે તેમના હ્રદયમાં અપાર પ્રેમ આપોઆપ ઉમટી પડે છે. આ રીતે જેમનું હ્રદય પ્રેમથી પરિપૂર્ણ છે તેવા જ આત્માઓ સર્વત્ર કૃપાના દર્શન કરે છે. આ રીતે કૃપા અને પ્રેમ એક બીજાના પૂરક છે તો પણ કૃપાને જ સર્વોપરિતા પ્રાપ્ત થઈ છે કેમકે કૃપાના દ્વારા જ પ્રેમની અભિવૃદ્ધિ થાય છે. જેથી શ્રી રાજજીના મિલનની ઉત્કંઠા ઉત્પન્ન થાય છે. સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરવાવાળા શ્રી રાજજીની કૃપા સાગરથી પણ વધીને અસીમ અને અપરિમેય છે.

કૃપાની ક્ષમતાનો પરિચય કરાવતા કહે છે,

**કામ બડે ઈન મેહેર કે, એ મેહેર ઈન હક ।**
**મેહેર હોત જિન ઊપર, તાય દેત આપ માફક ॥ ૩૦**

આ કૃપાનું કાર્ય જ અતિ મહાન છે, કેમકે આ કૃપા અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્માની છે જેમના પર આ કૃપા થાય છે શ્રી રાજજી તેને પોતાની ઈચ્છાનુરૂપ ફલ પ્રદાન કરે છે.

**કામ બડે ઈન મેહેર કે......**શ્રી રાજજીની કૃપાના કાર્યો મહાન હોય છે. કેમકે આ કૃપા સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્માની છે જેઓ વિશ્વ બ્રહ્માંડના સ્વામીઓના પણ સ્વામી છે. એવા પૂર્ણબ્રહ્મ પરમાત્માની કૃપાની ક્ષમતા સામાન્ય કેવી રીતે હોય ? સ્વર્ગમાં રહેવાવાળા દેવી-દેવતાઓ પણ કૃપા કરી સ્વર્ગલોક, પિતૃલોક તથા મૃત્યુલોકના સુખ પ્રદાન કરી શકે છે. આ રીતે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરની કૃપા ચૌદ લોકનું સુખ પ્રદાન કરી શકે છે. તેનાથી વધીને પૂર્ણબ્રહ્મ પરમાત્માની કૃપા તો અહીંથી લઈને પરમધામ સુધીના સુખ પ્રદાન કરે છે. એટલા માટે આ કૃપાના કાર્યો અત્યન્ત મહાન છે.

**મેહેર હોત જિન ઉપર.....**જે આત્માઓ પર શ્રી રાજજી કૃપા કરે છે તેમને તેઓ પોતાની ઈચ્છાનુરૂપ વસ્તુ કે ધન પ્રદાન કરે છે. તે વ્યક્તિ જેટલી મહાન હશે તેના અનુરૂપ તેમની કૃપા પણ મહાન હશે. જ્યારે શ્રી રાજજી તો પૂર્ણબ્રહ્મ પરમાત્મા છે. તેઓ કોઈને કંઈક આપે છે તો પોતાના અનુરૂપ મહાન કૃપા કરે છે. તેઓએ અક્ષર બ્રહ્મને પરમધામની લીલા બતાવવા માટે નશ્વર જગતની રચના કરાવીને એમાં રાસની લીલા કરી. આ રીતે તેઓએ પોતાના આત્માઓને અક્ષર બ્રહ્મનો ખેલ દેખાડ્યો ત્યારે બધાને મૂલમિલાવામાં બોલાવી પોતાના ચરણો પાસે બેસાડ્યા. આ બધું શ્રી રાજજીની મહાન કૃપા છે. તેઓ અનહોનીને પણ હોની બનાવી દે છે. બ્રહ્મ માટે કહેવામાં આવ્યું છે કે તે કર્તું અકર્તું અન્યથા કર્તું સમર્થઃ અર્થાત્ તેઓ કંઈ પણ કરવા માટે સમર્થ છે. શ્રી રાજજી સ્વયં પૂર્ણબ્રહ્મ છે. એટલા માટે તેઓ સર્વ સમર્થ છે.

શ્રી રાજજીની કૃપાથી જ નશ્વર જગતનો ખેલ બન્યો છે, તે પણ બ્રહ્માત્માઓ માટે. આ વાતની સ્પષ્ટતા કરી રહ્યા છે,

**મેહેરૈં ખેલ બનાઈયા, વાસ્તે મેહેર મોમિન ।**
**મેહેરેં મિલાવા હુઆ, ઔર મેહેરેં ફિરસ્તન ।। ૩૧**

શ્રી રાજજીની અસીમ કૃપાથી જ બ્રહ્માત્માઓને દેખાડવા માટે નશ્વર જગત રૂપ નાટકની રચના થઈ અને એમાં બ્રહ્માત્માઓ તથા ઈશ્વરી સૃષ્ટિનું અવતરણ સુરતાના રૂપે થયું.

**મેહેરેં ખેલ બનાઇયા.......**શ્રી રાજજીએ પોતાના આત્માઓને પોતાની પરમ કૃપાનો અનુભવ કરાવવા માટે જ નશ્વર જગતનો ખેલ બનાવ્યો છે. બ્રહ્મધામ પરમધામમાં હંમેશાં શ્રી રાજજીના સાન્નિધ્યમાં રહીને તેમના પ્રેમમાં મસ્ત બનેલા બ્રહ્માત્માઓને પોતાની કૃપાનો અધિક અનુભવ કરાવવા માટે જ શ્રી રાજજીએ નશ્વર જગતની રચના કરાવી. અક્ષરબ્રહ્મ જગતના સૂત્રધાર છે. તેઓ હંમેશાં નશ્વર બ્રહ્માંડોને બનાવે છે, ટકાવે છે અને મટાડે છે. સર્જન વિસર્જનની લીલા કરતાં રહેવાને કારણે તેમને બાલ

સ્વભાવવાળા માનવામાં આવ્યા છે. તેમનું સ્વરૂપ તો કિશોર છે. લીલામાત્ર બાલ ચરિત્ર છે. શ્રી રાજજીએ જ્યારે બ્રહ્માત્માઓને અક્ષર બ્રહ્મનો ખેલ દેખાડવાનો નિશ્ચય કર્યો ત્યારે તેમને આજ્ઞા આપી કે બ્રહ્માત્માઓને દેખાડવા માટે ખેલની રચના કરો. શ્રી રાજજીની આજ્ઞા અનુસાર અક્ષર બ્રહ્મે આ રચનામાં અનેક વિશેષતાઓ રાખી જેથી નશ્વર જગતમાં પણ અખંડ લીલા થઈ શકે. આ બધી જ વ્યવસ્થા બ્રહ્માત્માઓ માટે થઈ છે. શ્રી રાજજીએ કૃપા કરીને જ આ વ્યવસ્થા કરાવી છે.

**મેહેરેં મિલાવા હુઆ........**શ્રી રાજજીએ પોતાની કૃપાના દ્વારા જ બ્રહ્માત્માઓની સુરતાને નશ્વર જગતમાં અવતરિત કરી. ખરેખર તો તેઓએ બ્રહ્માત્માઓને મૂલમિલાવામાં પોતાના ચરણોમાં બેસાડ્યા અને તેમની સુરતા (મનોવૃત્તિ) ને નશ્વર જગતમાં મોકલી. આ સુરતાએ જગતમાં આવીને નશ્વર તન ધારણ કર્યું છે. શ્રી રાજજીની કૃપાએ જ બ્રહ્માત્માઓની સેવા માટે ઈશ્વરી સૃષ્ટિને પણ જગતમાં અવતરિત કરી. નહિ તો નશ્વર જગતમાં માયા મોહના જાળમાં ફલાયેલા જગતના જીવોને અખંડ પરમધામ તથા પૂર્ણબ્રહ્મના વિષયમાં વિશ્વાસ કેવી રીતે થાત. તેઓ ઈશ્વરીય સૃષ્ટિના વિશ્વાસને જોઈને ધીરે ધીરે પરમાત્માના શરણોમાં આવશે.

શ્રી રાજજીની કૃપાએ જ પરબ્રહ્મ પરમાત્મા તથા પરમધામની સાક્ષી અપાવવા માટે સમયાંતરે સંદેશવાહકોને મોકલ્યા જે જગતમાં જુદા જુદા નામોથી પ્રસિદ્ધ થયા. જેમકે,

**મેહેરેં રસૂલ હોય આઇયાં, મેહેરેં હક લિએ ફુરમાન ।**
**કુંજી લ્યાએ મેહેર કી, કરી મેહેરેં હક પેહેચાન ।। ૩૨**

શ્રી રાજજીની કૃપાથી જ તેમનો સંદેશ લઈ રસૂલ મહંમદ આ જગતમાં આવ્યા. સદ્‌ગુરુ મહારાજ પણ તેમની કૃપાથી તારતમ જ્ઞાનરૂપી કૂંચી લઈને આવ્યા અને તેઓએ પૂર્ણબ્રહ્મ પરમાત્માની પિછાણ કરાવી.

**મેહેરેં રસૂલ હોય આઇયાં.....**શ્રી રાજજીએ સમય સમય પર સંદેશવાહકોને મોકલી પોતાનો સંદેશ નશ્વર જગતમાં મોકલ્યો. આ શ્રૃંખલામાં રસૂલ મહંમદ પણ આવ્યા અને તેઓએ પૂર્ણબ્રહ્મ પરમાત્માના એક હોવાની વાત કહી. ભારતમાં અવતરિત ધર્મગ્રન્થોમાં તો પહેલાથી જ એક પરમાત્માની વાત કરવામાં આવી હતી, પરંતુ બીજા સ્થાનોમાંથી આવવાવાળા મહાપુરુષ પણ જ્યારે આવી વાતનું સમર્થન કરે છે ત્યારે પરમાત્મા એક હોવાનો કોઈ સંદેહ રહેતો નથી. આ રીતે અનેક મહાપુરુષોનું અવતરણ આ જગતમાં થયું. જેઓએ પરમાત્મા એક હોવાની વાત કહી છે. પરંતુ જુદા-જુદા સ્થાનોમાં જુદા-જુદા સમયે અવતરિત હોવાને કારણ તે મહાપુરુષોના સંદેશમાં દેશ,

કાળ અને પરિસ્થિતિનો પ્રભાવ રહ્યો. જેથી સામાન્ય લોકો આ સમજી શક્યા નહીં કે આ બધા મહાપુરુષો એક પરમાત્માની વાત કરે છે તો તેઓ તેમના પોતપોતાના છે કે બધાના મેળવીને છે ? એટલા માટે આ સંદેહને મટાડવો જરૂરી હતુ. એવામાં નિજાનંદાચાર્યશ્રી દેવચંદ્રજી મહારાજનું અવતરણ થયું. પૂર્ણબ્રહ્મ પરમાત્માએ તેમને તારતમરૂપી કૂંચી લઈને મોકલ્યા અને કહ્યું કે એના દ્વારા બધા ધર્મગ્રન્થોના રહસ્ય સ્પષ્ટ કરજો અને એમાં વર્ણવિલ એક પરમાત્માની યથાર્થ પિછાણ કરાવજો.

આ રીતે શ્રી દેવચંદ્રજી મહારાજે જગતમાં આવીને તે જ પરમાત્માની અસીમ કૃપાથી તારતમ જ્ઞાનરૂપી કૂંચી દ્વારા બધા ધર્મગ્રન્થોના રહસ્ય સ્પષ્ટ કરી પૂર્ણબ્રહ્મ પરમાત્માની સાચી પિછાણ કરાવી, જેમકે,

**કુંજી લ્યાએ મેહેર કી, કરી મેહેરેં હક પેહેચાન ।। ૩૨**
**દૈ મેહેરેં કુંજી ઈમામ કો, તીનોં મહમ્મદ સૂરત ।**
**મેહેરેં દઈ હિકમત, કરી મેહેરેં જાહેર હકીકત ।। ૩૩**

શ્રી રાજજીની કૃપાના કારણે જ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજે મને તારતમ જ્ઞાનરૂપી કૂંચી પ્રદાન કરી જેથી મેં રસૂલ મહંમદ દ્વારા નિર્દેશિત ત્રણે સ્વરૂપોનું રહસ્ય સ્પષ્ટ કર્યું. આ કૃપાએ મને શક્તિ પ્રદાન કરી જેથી મેં પરમધામની ઉચિત સ્પષ્ટતા કરી.

**દૈ મેહેરેં કુંજી ઈમામ કો....** શ્રી રાજજીની અસીમ કૃપા જ આ જગતમાં વિશિષ્ટ કાર્ય કરે છે. સર્વપ્રથમ તેમણે સદ્‌ગુરુ મહારાજને તારતમ જ્ઞાનરૂપી કૂંચી પ્રદાન કરી જેના દ્વારા સદ્‌ગુરુએ બધા શાસ્ત્રોનું રહસ્ય સ્પષ્ટ કરી દીધું. ત્યારબાદ સદ્‌ગુરુ દ્વારા આ કૂંચી શ્રી પ્રાણનાથજી (ઈમામ મહદી) ને પ્રદાન કરાવી જેથી તેઓએ રસૂલ મહંમદ દ્વારા નિર્દેશિત ત્રણે સ્વરૂપો બસરી, મલકી અને હકીનું રહસ્ય સ્પષ્ટ કરી દીધું. રસૂલ મહંમદે પરમાત્માનો સંદેશ દેવાવાળા પરમાત્મા દ્વારા પ્રશંસિત આત્મા (મહંમદ) ના ત્રણ સ્વરૂપોની ચર્ચા કરી હતી. મહામતિએ તેમનું રહસ્ય સ્પષ્ટ કરી દીધું કે બસરામાં પ્રગટ થયેલ શક્તિ બસરી રસૂલ મહંમદ હતી. તેઓએ એક માત્ર પરમાત્મા પૂજનીય છે એવી વાત કહી. સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ તારતમ જ્ઞાન દ્વારા બધા શાસ્ત્રોના રહસ્ય સ્પષ્ટ કરી એ બધામાં એક જ પરમાત્મા તથા તેમના ધામ પરમધામની ચર્ચા કરવામાં આવી છે આ વાત સ્પષ્ટ કરી દીધી. પરમધામના અપાર વૈભવને પ્રગટ કરવાની શક્તિ તેમનામાં હોવાથી પરમાત્મા દ્વારા પ્રશંસિત આત્માનું બીજું સ્વરૂપ તેમનામાં હતું તથા પરમધામની યથાર્થતા સ્પષ્ટ કરવાની ક્ષમતા મારામાં હોવાથી ઉપરોક્ત આત્માનું ત્રીજું સ્વરૂપ મારામાં સ્થિત છે આ વાત મહામતિએ સ્પષ્ટ કરી દીધી.

**મેહેરેં દઈ હિકમત......**શ્રી રાજજીની અસીમ કૃપાએ જ મહામતિને તે શક્તિ પ્રદાન કરી જેના દ્વારા તેઓએ પરમધામની યથાર્થતા સ્પષ્ટ કરી દીધી. મહામતિએ કુંભ પર્વ પર હરિદ્વારમાં બધા ધર્માચાર્યોને પરમાત્મા તથા પરમધામની યથાર્થતા સ્પષ્ટ કરી દીધી જેથી તેઆનો મહામતિ વિજયાભિનંદ બુદ્ધ નિષ્કલંક અવતારના રૂપમાં સ્વીકાર કર્યો.

**ઓ ફુરમાન મેહેરેં ખોલિયા, કરી જાહેર મેહેરેં આખરત ।**
**મેહેરેં સમઝે મોમન, કરી મેહેરેં જાહેર ખિલવત ।। ૩૪**

શ્રી રાજજીની કૃપા દ્વારા જ કુરાનના ગૂઢ રહસ્યો સ્પષ્ટ કર્યા તથા તેમાં વર્ણવેલ આત્મ જાગૃતિનો (અંતિમ) દિવસ પણ પ્રગટ કરી દીધો. આ કૃપા દ્વારા બ્રહ્માત્માઓએ આ રહસ્ય સમજ્યું અને મૂલમિલાવામાં શ્રી રાજજીની સાથે થયેલી એકાંત ચર્ચા (પ્રેમ સંવાદ) ના ગૂઢ રહસ્ય પણ સ્પષ્ટ કરી દીધા.

**સો ફુરમાન મેહેરેં ખોલિયા......**રસૂલ મહંમદના અનુયાયી કુરાનને ખુદાના ફરમાન અર્થાત્ પરમાત્માનો આદેશ માને છે. તેમાં એવા અનેક રહસ્ય છે. જે વર્ષો પર્યન્ત સ્પષ્ટ થયા ન હતા. રસૂલ મહંમદે કહ્યું હતું કે કયામતના સમયે સ્વયં પરમાત્મા આવશે અને દુનિયાનો ન્યાય કરશે. તે સમયે હું પણ તેમની સાથે ઉપસ્થિત રહીશ. ત્યારે આ બધા રહસ્ય સ્પષ્ટ થશે. મહામતિ કહે છે, તે કયામતની ઘડી આવી ગઈ છે. ક્યામતનો અર્થ થાય છે લય. આત્મામાં જાગૃતિ આવવાથી જગતનું અસ્તિત્વ નહિવત્ હોય છે. આ જ લય છે. આ પ્રકારના અનેક રહસ્ય મહામતિએ સ્પષ્ટ કર્યા અને કયામતની ઘડી જાહેર કરી દીધી.

**મેહેરેં સમઝેં મોમિન......**પરંતુ ઉપરોક્ત રહસ્યોને કોણ સમજશે ? એટલે જ મહામતિ કહે છે કે શ્રી રાજજીની અપાર કૃપાથી બ્રહ્માત્માઓ જ આ રહસ્ય સમજી શકે છે. તેઓએ જ આ જગતમાં આવીને પરમધામનો વૈભવ પ્રગટ કર્યો છે. પરમધામમાં શ્રી રાજજીની સાથે થયેલી ચર્ચાને પણ તેઓ જ સ્પષ્ટ કરી શકે છે. એટલું જ નહીં બ્રહ્માત્માઓમાં એ પણ ક્ષમતા છે કે તેઓ પોતાના સંસર્ગમાં આવીને પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીને સમજવાવાળાને મુક્તિસ્થળનું સુખ પણ પ્રદાન કરી શકે છે.

**(ક્રમશ.......)**

# મૃત્યુથી અમરત્વની તરફ

## શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય-શ્રી ૫ નવતનપુરી ધામ

ગીતામાં શ્રી કૃષ્ણજી કહે છે **'જાતસ્ય હિ ધ્રુવોર્મૃત્યુ'** જન્મ લેવાવાળાનું મૃત્યુ નક્કી જ છે. જે જન્મે છે તે મરે છે, કોઈ પણ જીવતો રહ્યો નથી. આ સંસારમાં જન્મ લેવાવાળા ચાહે રાજા હોય કે રંક, સંત હોય કે ફકીર, શેઠ હોય કે નોકર એ તમામનું મૃત્યુ થયું છે. મૃત્યુ એક અટલ સત્ય છે, ધ્રુવ સત્ય છે, મૃત્યુ કડવું સત્ય છે. મૃત્યુનું નામ સાંભળવું પણ કોઈને સારું લાગતું નથી, પરન્તુ એ સત્ય છે કે બધાનું મૃત્યુ થશે.

આપણે બાલ્ય અવસ્થામાં કેટલાયને મરતાં જોયા છે. કેટલાય સ્વજનો આપણી સામે જ જતાં રહ્યા. આપણા સ્વજનની નનામીને આપણે કાંધ પણ આપી છે. પરંતુ આ અટલ સત્ય મૃત્યુની તરફ આપણું ધ્યાન ક્યારેય ગયું નથી. હાં, ક્યારેક સ્વપ્નની જેમ પોતાના સ્વજનને કાંધ દેતા કે શ્મશાનમાં તેની ચિતાને આગ લગાડતા જોઈ પણ લીધી તો આપણે તેને એક અશુભ વિચાર કહીને સત્યને ભૂલવાની કોશિશ કરી. ઠીક આજ રીતે એક કબૂતર બિલાડીના પ્રાણઘાતક પંજાથી બચવા માટે પોતાની આંખો બંધ કરી લે છે. આ કેટલું આશ્ચર્યજનક છે, પરંતુ શું કબૂતરે આંખ બંધ કરી દીધી એથી બિલાડી તેને પંજો નહીં મારે ?

મહાભારતમાં એક પ્રસંગ આવે છે યક્ષ યુધિષ્ઠર સંવાદ. તેમાં યક્ષે યુધિષ્ઠિરને પ્રશ્ન કર્યો સંસારનું સૌથી મોટું આશ્ચર્ય શું છે ? યુધિષ્ઠરે કહ્યું સૌથી મોટું આશ્ચર્ય એ છે કે મનુષ્ય બીજાનું મૃત્યુ જોયા પછી પણ પોતાના મૃત્યુને ભૂલી જાય છે.

અહીં સમજવાની વાત એ છે કે આપણે મૃત્યુ અંગે સજાગ થવું જરૂરી છે. મૃત્યુ અંગે સજાગ થવાનું તાત્પર્ય છે મૃત્યુને જાણવું, સમજવું તથા સમજદારી પૂર્વક જાગી જવું. ન તો મૃત્યુથી વિચલિત થવું કે બીજાનું મૃત્યુ જોઈ ભયભીત થવું.

આ જ કાર્ય બ્રહ્માત્માઓનું છે. તેઓ આ અટલ સત્યથી ક્યારેય ભયભીત થતાં નથી. તેઓ તો મૃત્યુને ગળે લગાવે છે. તેમને મૃત્યુ કાંઈ કરી શક્તું નથી. સાધારણ લોકો જે મૃત્યુથી ભયભીત થઈને હંમેશાં દૂર ભાગે છે ત્યારે બ્રહ્માત્માઓ તેમનો સહૃદય સ્વીકાર કરે છે. કેમકે તેઓ સારી રીતે જાણે છે મૃત્યુનું કડવું સત્ય, એટલા માટે તેઓ મૃત્યુ પૂર્વે જ બધા કામો આટોપી લે છે, જેથી મૃત્યુનો ભય ન રહે. એ જ રીતે કુશળ

અને તેજસ્વી પરીક્ષાર્થી સમય મર્યાદાથી પાંચ મિનિટ પૂર્વે જ પ્રશ્ન પત્રમાં આપેલા પ્રશ્નોના સાચા જવાબો લખી નિશ્ચિંત બની જાય છે.

આપને જાણ હશે કે પાકેલું ફળ ડાળી પરથી સહજ રીતે નીચે પડે છે. પરંતુ ફળ જો કાચું હશે તો તે ડાળીને છોડશે નહીં. તેને તોડવા જતાં ડાળી પણ તૂટી શકે છે. પૂરેપૂરું પાકેલું ફળ મધુર રસથી પરિપૂર્ણ હોય છે.

આ જ રીતે જેઓએ જીવન જીવતાં જ સત્યાસત્યને જાણી લીધું, સંસારના ખારા રસનો પરિત્યાગ કરી આત્મજ્ઞાન રૂપી મધુર રસને પોતાના જીવનમાં ભરી લીધો છે તેને આ મૃત્યુ જરા પણ દુઃખદાયી કે શોકપૂર્ણ લાગશે નહીં. જેણે આ મૃત્યુ રૂપી અટલ સત્યને જાણી લીધું તેણે પોતાના આત્મા તથા પરમાત્માને પણ સારી રીતે જાણી લીધા છે. જેણે આત્મા તથા પરમાત્માને જાણી લીધા છે, ઓળખી લીધા છે તેમના માટે હવે કોઈ અન્ય કાર્ય બાકી રહેતું નથી. જેણે બધું જ મેળવી લીધું અને જેમને મેળવવાનું કાંઈ બાકી રહેતું નથી તે શા માટે વિચલિત થશે ? શા માટે ભયભીત થશે ? શા માટે રડશે ? શા માટે ગભરાય ? નહીં. તે તો હંમેશાં શાંત હશે તેને કોઈ વિચલિત કરી શક્તું નથી. તે તો ધ્રુવની જેમ મૃત્યુના શીશ પર પગ રાખીને આગળ વધશે. તે મંજિલ પર પહોંચશે જ્યાં સત્યની સિવાય, આનંદના સિવાય અન્ય કાંઈ નથી.

જેમ કોઈ બુદ્ધિશાળી રેલયાત્રી સ્ટેશનના આગમન પૂર્વે પોતાનો સામાન બાંધી નિશ્ચિંત બની સ્ટેશન આવવાની પ્રતીક્ષા કરે છે. જેવું સ્ટેશન આવ્યું કે તે તરત આરામથી ઉતરી ચાલવા લાગે છે. પરંતુ જો મૂઢ યાત્રી હશે તો તે સામાન બાંધવાના સમયે અન્ય મોજ મસ્તીમાં લાગેલો રહેશે અને જેવું સ્ટેશન આવ્યું કે તે સામાન પેક કરવા બેબાકળો બની જશે. આપણે રેલયાત્રાને સાચી રીતે સમજીએ તો જીવનયાત્રા પણ સારી રીતે સમજી શકાય. મહામતિજી યાત્રાની પૂર્વ તૈયારી માટે નિર્દેશ કરતાં કહે છે,

**યૂં તૈયારી કીજિએ, આગૂં કરની હૈ દૌડ ।**
**સબ અંગ ઈસક લેય કે, નિકસો બ્રહ્માંડ ફોડ ।।**

જેઓ હંસતા હંસતા, પ્રસન્ન ચિત્તે આ સંસારને છોડી પોતાના મૂળઘર જવા માટે તૈયાર છે તે તો બ્રહ્માત્મા છે તેને જરા પણ રંજ નથી સંસાર છોડવાનો. પરંતુ તેમના માટે તો મૃત્યુ મહા ઉત્સવ છે, મહામિલનની એક અનમોલ ઘડી છે.

ગીતામાં આવા લોકોને જ્ઞાની કહ્યા છે. જ્ઞાની ક્યારેય વિચલિત થતો નથી. તે

બીજાને જોઈને જાગી જાય છે.

રાજકુમાર સિદ્ધાર્થે જ્યારે પ્રથમ વખત મૃતદેહને જોયો ત્યારે તેની અંદર એ જિજ્ઞાસા જાગી કે શું અમારી જીવન યાત્રાનો અંત મૃત્યુ જ છે ? આ પ્રશ્ન તેના હૃદય અને મનમાં દોડવા લાગ્યો, પરંતુ આ પ્રશ્ન ઉદ્ભવ્યા પછી સાધારણ લોકોની જેમ અશુભ વિચાર કહીને એનાથી દૂર ભાગ્યા નહીં, ન તો આ પ્રશ્ન ને ભૂલવાની કોશિશ કરી. તેઓ મૃત્યુની ગૂઢ સમસ્યાને ઉકેલવામાં નીકળી પડ્યા અને મૃત્યુને પાર જઈને બુદ્ધત્વને પ્રાપ્ત થયા.

જે વ્યક્તિ આ સ્થૂળ જીવનમાં મૃત્યુનું સત્ય જાણી લે છે, આત્મા અને પરમાત્માને જાણી લે છે તેમનું અહીંથી પ્રસ્થાન કરવું પણ ઘણું જ દિવ્ય હોય છે બિલકુલ સૂર્યાસ્તની જેમ. સૂર્ય ડૂબતા સમયે પણ એ જ લાલશ બનાવી રાખે છે, જેવી તેના ઉદય કાળે હતી. જો સૂર્યનો આ દિવ્ય સંદેશ જાણીએ તો મનુષ્ય પણ અંતકાળે તે જ આનંદ, તેવું જ પ્રસન્ન ચિત્ત, તેવી જ આભા, તે જ પ્રભા, માટે મહાપ્રયાણ કરશે જે એમનું વાસ્તવિક રૂપ છે.

ગ્રીસના તાનાશાહ ક્રીટોએ સુકરાતને મૃત્યુદંડ સંભળાવતાં પૂછ્યું, તમે કેવું મૃત્યુ ઇચ્છો છો ? સુકરાતે કહ્યું ! જો મને મૃત્યુ દંડ આપી શક્તા હો તો તમે ચાહો એવી રીતે આપી શકો છો, પરંતુ તમે મને મારી શકશો નહીં કેમકે હું તો અમર છું, અવિનાશી છું. શાશ્વત છું. તે અજ્ઞાની રાજા તેમના આ સાર ગર્ભિત શબ્દોનો અર્થ સમજી શક્યો નહીં. તેણે સુકરાતને ઝેરનો પ્યાલો આપ્યો. તે તેને સહજતાથી પી ગયો. બાજુમાં સુકરાતના અનેક શિષ્ય શોકમગ્ન ઊભા હતા. તે બધાને સુકરાતે બાજુમાં બેસાડયા અને પોતાના શરીરના મૃત્યુનો અનુભવ બતાવવા લાગ્યો.

જ્યારે તેના પગમાં શિથિલતા આવી તો તેમણે કહ્યું જુઓ મારા પગ મરી ગયા, પરંતુ હું જીવતો છું. ધીમે ધીમે શરીરના ઉપરના અંગો પણ હલાવવા મુશ્કેલી પડી ત્યારે સુકરાતે હસતાં હસતાં કહ્યું, આ મારા હાથ પણ નિર્જીવ થઈ ગયા પરંતુ હું કુશળ છું. પછી તેની આંખો બંધ થઈ ગઈ. છતાં પણ તેમના ચહેરા પર એ જ આભા એ જ પ્રભા, તેવી જ નિર્ભયતા, તેવી જ સહજતા તથા પ્રસન્નતા છવાઈ રહી. માનો તેના રોમ રોમ બોલી રહ્યા હોય, તે તાનાશાહીની તરફ ઇશારો કરી જુઓ તમે મને મારવાની કોશિશ તો કરી, પરંતુ તમને થોડી પણ સફળતા પ્રાપ્ત થઈ નહીં તમે આટલું કર્યા છતાં પણ કેવળ મારું શરીર જ મરી ગયું. હું તો જેવો હતો તેવો જ છું, જુઓ હું જીવિત છુ. મને તારી ઉપર દયા આવી રહી છે. કેમકે તારો આ ઉપાય નકામો ગયો.

આ છે જ્ઞાનીનું મૃત્યુ, તેમણે પહેલાથી જ સત્યને પિછાણ્યું હતું, જાણ્યું હતું. એટલા માટે તે નિશ્ચિંત હતો.

એનાથી ઊલટું અંતિમ ક્ષણોમાં જ્યારે એક સાધારણ મનુષ્યના પ્રાણ શરીરના એક એક કોષમાંથી ખેંચાય છે ત્યારે તે ભયંકર પીડાનો અનુભવ કરે છે. સાધારણ જીવો અને મહાપુરુષોના મૃત્યુમાં એ જ અંતર છે. એનો અભિપ્રાય એ છે કે જો જીવન દરમિયાન જ આ શાશ્વત સત્યની ઓળખ કરી લો તો જીવનની પીડા ઓછી થઈ જશે. મૃત્યુ એક ઉત્સવ બની જશે.

બસ સમજવાનું એટલું જ છે કે હું નિત્ય છું, શાશ્વત છું, અવિનાશી છું, શુદ્ધ છું, બુદ્ધ છું અને મુક્ત છું. નાશ થાય છે તો કેવળ આ પાંચ ભૌતિક દેહનો, જેમ શ્રી કૃષ્ણજીએ ગીતામાં કહ્યું છે

**અન્તવન્ત ઈમે દેહા નિત્યસ્યોકતાઃ શરીરિણઃ ।**

**ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥**

આ આત્મા કોઈ કાળે ન જન્મે છે ન મરે છે. આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરનો નાશ થવા છતાં પણ એનો નાશ થતો નથી.

પરિવર્તન તેનું થાય છે જેમાં વિકાર પેદા થતો હોય, શરીરમાં ઉત્પન્ન થતાં સમસ્ત વિકારોથી આત્મા પર છે. જન્મ, અસ્તિત્વ, વૃદ્ધિ, વિકાર, ક્ષય અને નાશ આ છ પ્રકારના પરિવર્તન શરીરમાં થાય છે. આ એક મૃત્યુ પામતાં શરીરનો ધર્મ છે. એના આત્મા પર કોઈ અસર થતી નથી, કેમકે આત્મા આ વિકારોથી સદા મુક્ત છે.

શરીરની જેમ આત્માનો જન્મ થતો નથી, કેમકે તે તો સદા વિદ્યમાન છે. તરંગોની ઉત્પત્તિ થાય છે અને નાશ થાય છે, પરંતુ તેની સાથે ન તો સમુદ્રની ઉત્પત્તિ થાય છે અને ન તો નાશ. જેનો આદિ છે તો અંત થાય છે. ઉત્તાલ તરંગો જ મૃત્યુનો અંતિમ શ્વાસ લે છે. સદા વિદ્યમાન આત્માના જન્મ અને નાશનો પ્રશ્ન જ ઊઠતો નથી. આથી અહીં કહેવામાં આવ્યું છે કે આત્મા અમર અને નિત્ય છે.

આત્મા સનાતન તથા નિત્ય હોવાને લીધે એને શસ્ત્રો છેદી શક્તા નથી, અગ્નિ બાળી શક્તો નથી, પાણી ભીંજવી શક્તું નથી, વાયુ સૂકવી શકતો નથી.

આ જન્મ અને મૃત્યુનો તો માત્ર ભ્રમ છે. આ શરીર તો માત્ર આત્માનું વસ્ત્ર છે, જેમ મનુષ્ય જર્જરિત વસ્ત્રોનો ત્યાગ કરી બીજા નવા વસ્ત્રોને ધારણ કરે છે તેમ દેહી

જીવાત્મા જ્યાં સુધી જૂના શરીરનો ત્યાગ કરી બીજા નવા શરીરને ધારણ કરે ત્યાં સુધી તેમની કેટલીક ઈચ્છાઓ, તૃષ્ણાઓ શેષ રહે છે.

આ રીતે આત્મજ્ઞાન રૂપી આધ્યાત્મિક સરોવરમાં અવગાહન કરી 'તમસો મા જ્યોતિર્ગમય' 'મૃત્યોર્માઽમૃતં ગમય' આ શ્રુતિને અનુરૂપ અંધકારથી પ્રકાશની તરફ, મૃત્યુથી અમરત્વની તરફ પ્રસ્થાન કરવું જ મનુષ્યનું પ્રમુખ કર્તવ્ય છે. આથી 'ઉત્તિષ્ઠ, જાગ્રત પ્રાપ્યવરાન્નિબોધતઃ' આમ શ્રુતિ કહે છે કે જાગૃત થઈ નિજાનંદની અનુભૂતિ કરવી જ મનુષ્યનો સહુથી મોટો ધર્મ છે. મૃત્યુથી અમરત્વની તરફનું તાત્પર્ય જ નિજાનંદાનુભૂતિ છે.

---

# ઈસક અંગ સબ નૂર કે

**સભાયા મંજુલાબેન જસવંતભાઈ-મેટોડા**

**ક્ષર અક્ષર કે પાર હૈ, અક્ષરાતીત આધાર ।**
**બિના સંબંધ ન પાઈએ, કોટિન કરે આચાર ॥**

**(સેવાપૂજા)**

ક્ષર અક્ષરથી પરે અક્ષરાતીતનું અખંડ પરમધામ આવેલ છે. આ દિવ્ય પરમધામ સુધી કોઈ પહોંચી શક્યું નથી. આ ચૌદલોકના અધિષ્ઠાતા દેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પણ ખબર નથી કે સંસારમાં તેમનુ શું અસ્તિત્ત્વ છે ? તથા સંસાર પર કોની સત્તા પ્રવર્તે છે ? તેમની નજર તો માત્ર જમીનથી આસમાન સુધીના ચૌદલોક સુધી જ સીમિત છે તો પછી તેમને અક્ષર બ્રહ્મની ઓળખાણ ક્યાંથી હોય ?

**અક્ષર સરૂપ કે પલમેં, ઐસે કૈ કોટ ઈંડ ઉપજે ।**
**પલમેં પૈદા કરકે, ફેર વાહી પલમેં ખપે ॥**

**(કિરંતન ૭૪/૨૬)**

એક ક્ષણ માત્રમાં કરોડો બ્રહ્માંડની ઉત્પત્તિ કરનાર તથા તેનો નાશ કરનાર અક્ષર બ્રહ્મ દરરોજ આપણા ધણી શ્રી રાજજી મહારાજનાં દર્શન કરવા માટે આવે છે. તેમને પરમધામ અને રંગમહલની અંખડ દિવ્ય લીલાનું જ્ઞાન નથી. જ્યારે આપણા સદ્ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજે સુંદરસાથ ઉપર અપાર કૃપા કરી પરમધામની અખંડ નિધિ 'તારતમ

જ્ઞાન' આપીને પૂર્ણબ્રહ્મ પરમાત્માના દર્શન કરાવી અખંડ પરમધામના પચ્ચીસ પક્ષોનું વર્ણન કરીને ત્યાંના દર્શન કરાવ્યા. એટલું જ નહિ અખંડ ધામના 'શ્રીજમુનાજી' અહીં શ્રી ૫ નવતનપુરી ધામમાં પ્રગટ કરી સુંદરસાથને સ્નાન કરાવ્યું હતું તથા વ્રજ અને રાસલીલાનાં દર્શન કરાવ્યા હતા. શ્રી દેવચંદ્રજી ચર્ચામાં પરમધામનું વર્ણન કરતાં ત્યારે સ્વયં શ્રી કૃષ્ણજી હીરબાઈની બનાવેલી રસોઈ આરોગવા પધારતા હતા.

**ધામ તલાવ કુંજવન જો હે માણિક નહેરેં વનકી સોહે ,**
**પશ્ચિમ ચૌગાન બડોવન કહિયે, પુખરાજી જમુનાજી લહિએ ।**
**આઠો સાગર આઠ જીમી કે, એ પચ્ચીસ પક્ષ શ્રી ધામધનીજી કે ॥**

પરમધામની મધ્યમાં 'રંગમહેલ' આવેલ છે. જેમાં નવભોમ અને દશમી આકાશી ચાંદની આવેલ છે. રંગમહેલની ચારેય દિશામાં જોઈએ તો,

**પૂર્વ દિશા :** ચાંદની ચોક, સાતવન ૧.કેલ ૨.લિંબોઈ ૩. અનાર ૪.અમૃત ૫.જાંબુ ૬.નારંગી ૭.બટવન, પાટઘાટ, શ્રી જમુનાજી, કેલપુલ, બટપુલ, અક્ષરધામ, જવેરોકી નહેરે, માણેક નહેરે, વનકી નહેરે, છોટી રાંગ અને બડી રાંગ તથા સર્વરસ (મહેર ) સાગર આવેલા છે. જે રંગપરવાલી મંદિરથી પચ્ચીસ (૨૫) કરોડ યોજન દૂર આવેલ છે.

**દક્ષિણ દિશા :** બટ-પીપલની ચોકી, કુંજ-નિકુંજ વન, હોજ-કૌસર તળાવ, ચોવીસ હાંસનો મહેલ, માણેક પહાડ તથા માણેક નહેરે, જવેરોકી નહેરે, વનકી નહેરે, છોટી રાંગ, બડીરાંગ અને નીર સાગર આવેલા છે.

**પશ્ચિમ દિશા :** ફૂલબાગ, નૂરબાગ, અન્નવન, દૂબ-દૂલીચા, પશ્ચિમનું ચોગાન, જવેરોકી નહેરે, માણેક નહેરે, વનકી નહેરે, છોટી રાંગ, બડી રાંગ અને દધિ સાગર આવેલા છે.

**ઉત્તર દિશા :** લાલ ચબૂતરા, તાડવન, બડાવન, મધુવન, મહાવન, પુખરાજ પહાડ, જવેરોકી નહેરે, માણેક નહેરે, છોટી રાંગ, બડી રાંગ અને મધુ સાગર આવેલા છે.

**નૂર ખાના નૂર પીવના, નૂર મુખ મજકૂર ।**
**ઈસક અંગ સબ નૂર કે, સબ નૂર પૂર નૂર ॥**

**(પરિક્રમા ૩૫/૧૫)**

પૂર્ણબ્રહ્મ પરમાત્માના પ્રેમમય પ્રત્યેક અંગ પ્રકાશથી પરિપૂર્ણ છે. અહીં

ખાવાનું, પીવાનું બધું જ દિવ્ય છે. શ્રી શ્યામાજી તથા બ્રહ્માત્માઓ શ્રી રાજજી મહારાજના દિવ્ય તેજથી પરિપૂર્ણ છે. તેઓ પરમધામમાં હંમેશા આનંદ મગ્ન રહે છે. શ્રી રાજજીના તેજરૂપા બધા જ આત્માઓ આઠેય પ્રહર તેમના જ દિવ્ય તેજથી ઓત-પ્રોત રહે છે. પરમધામમાં નાના તણખલાથી લઈને સમગ્ર ભૂમિ, વૃક્ષ, વન, ફળ, ફૂલ પાંદડા બધાં જ પ્રકાશથી પરિપૂર્ણ છે. આ દિવ્યભૂમિનો ધવલ પ્રકાશ છેક આકાશ સુધી ફેલાયેલ છે. બ્રહ્મધામમાં આકાશ, જમીન, તારાગણ ચંદ્ર, સૂર્ય તથા બધા જ નક્ષત્રો પ્રકાશથી ભરપૂર છે. ત્યાંની ઋતુ, રંગ, વાયુ, પ્રવાહ, મેઘગર્જના, વીજળીની ચમક બધું જ પ્રકાશથી પરિપૂર્ણ છે. પરમધામમાં બધા જ મહેલ, મંદિર, ઝરૂખા, દ્વાર, દિવાલ, સીડીઓ, સંદૂક, ખુરશી, સિંહાસન, સુખ સેજ્યા, હિંડોળા ચારેબાજુ જ્યાં દૃષ્ટિ પડે ત્યાં બધે જ પ્રકાશ પ્રકાશ જ દેખાય છે. રંગમહલની નવ ભોમ તથા ત્યાંની બધી જ સામગ્રીઓ પ્રકાશમાન છે.

**નખકા નૂર ચીર ચઢ્યા આસમાનમેં ।**
**જ્યોં હક ચલવન કરેં સબ અંગુરી ।।**

શ્રી રાજજી મહારાજની એક આંગળીના નખમાંથી એક જ્યોત નીકળે તો સમગ્ર આકાશમાં તેમનો પ્રકાશ સમાતો નથી. આ પ્રકાશ સંસારી જીવો તો જોઈ શક્તા જ નથી. આ પરમધામનો દિવ્ય પ્રકાશ તો ત્યાંના આત્માઓ જ અનુભવી શકે. જો બ્રહ્માત્માઓના વસ્ત્રો અને આભૂષણોના પ્રકાશનું વર્ણન નથી કરી શકાતું તો સ્વયં બ્રહ્માત્માઓના તેજનું વર્ણન કેવી રીતે થઈ શકે ?

**બાગ જંગલ રાહ નૂર કે, પશુ-પંખી નૂર પૂર ।**
**ખ્વાબ જીમીમેં નૂર અરસકી, નૂર જુબા કહા કરે મજકૂર ।।**

**(પરિક્રમા ૩૫/૨૯)**

પરમધામના વન, ઉપવન, રસ્તાઓ, પશુ-પક્ષી વગેરે બધાં જ પ્રકાશથી પરિપૂર્ણ છે. આ સ્વપ્નનાં જગતમાં બેસીને દિવ્યધામના પ્રકાશનું વર્ણન આ જીભ દ્વારા કેમ થઈ શકે ? પરમધામમાં પ્રકાશ સિવાય કંઈ છે જ નહિ. માત્ર પ્રકાશનું અદ્વૈત સ્વરૂપ છે. સમગ્ર પરમધામમાં બધી જ સામગ્રી શ્રી રાજજી મહારાજના પ્રકાશથી જ ઓત-પ્રોત છે. અહીં દશેય દિશાઓમાં પ્રકાશ જ પ્રકાશ દેખાય છે. અહીં બધાં જ દશ્યો, જે સાંભળીએ તે અને ચિંતન કરીએ તે પણ પ્રકાશથી જ પરિપૂર્ણ છે. બ્રહ્માત્માઓના આહાર-વિહાર, વાણી-વિચાર, વર્તન, તન-મન, અંતઃકરણ, બધું જ દિવ્ય પ્રકાશથી પ્રકાશિત (પવિત્ર) છે.

**કહે હક નૂર બૈઠ નાસૂત મેં, કરેં નૂર લાહૂત કે કામ ।**
**નૂર રૂહેં જીમી દુઃખ મે, લેવેં નૂર લાહૂતી આરામ ।।**

**(પરિક્રમા ૩૫/૨૩)**

પૂર્ણબ્રહ્મ પરમાત્માનું દિવ્ય તેજ આ નશ્વર જગતમાં આવીને પણ પરમધામનાં દિવ્ય કાર્યોને પૂર્ણ કરે છે. એ જ પ્રકારે આ તેજોમય બ્રહ્માત્માઓ આ દુઃખદાયી સંસારમાં રહીને પણ દિવ્ય પરમધામનાં અખંડ સુખોનો અનુભવ કરે છે. તેઓ પાણીમાં રહે તો પણ તેમનું તેજોમય શરીર પાણીથી ભીંજાતું નથી. જો તેમનું શરીર અગ્નિમાં રહે તો પણ અગ્નિ તેના શરીરને સ્પર્શી શક્તો નથી. બ્રહ્માત્માઓનું જ નૂરમય 'પરમધામ' છે. તેમના હૃદયમાંથી પ્રેમમય અગ્નિ પ્રગટે છે. પરમધામના એકાત્મ (અદ્વૈત) ભાવ વગર આ તેજરૂપી અગ્નિથી અખિલ બ્રહ્માંડમાં કોઈ બચી શક્તું નથી.

પરમધામનાં અગ્નિખૂણામાં શ્રી રાજજી મહારાજનાં પ્રકાશનું એક કિરણ પડે છે તો ત્યાં એક સાગર બની જાય છે જેને નૂર સાગર કહે છે. ધણીજીના શ્રૃંગાર માટે પરમધામની નૂરમયી દિવ્ય નંગોની ચેતનાથી ભરપૂર આભૂષણો છે. શ્રી રાજજી મહારાજનાં અંગો સાથે સમરસ થતાં તે તમામ આભૂષણો શ્રી રાજજીના દિવ્ય પ્રકાશથી શોભાયમાન છે. આ બધો જ પ્રકાશ અક્ષરાતીત ધણીનો છે. અક્ષર બ્રહ્મ તથા અન્ય દેવી-દેવતાઓ તેમના જ પ્રકાશથી શોભાયમાન છે. બ્રહ્માત્માઓ શ્રી શ્યામાજીનું અંગ છે તથા શ્રી શ્યામાજી સ્વયં અક્ષરાતીત ધામધણીની અંગના છે. આથી એક જ પરબ્રહ્મ પરમાત્માના અંગરૂપ છે. અક્ષરાતીત ધામધણી સિવાય અહીં બીજું કોઈ છે જ નહીં. અહીંની બધી જ વસ્તુઓમાં ધામધણીનું દિવ્ય તેજ પથરાયેલ છે. અહીંયાં વાણી, આચરણ, મનોભાવ બધા જ શ્રી રાજજી મહારાજના તેજથી પરિપૂર્ણ છે. સમગ્ર પરમધામ એક જ નૂર તત્ત્વનું બનેલું છે.

**મહામત કહે એ મોમિનો, જો અરવા અરસ અજીમ ।**
**ઈસક પ્યાલે લીજિયો, ભર ભર નૂર હલીમ ।।**

**(પરિક્રમા ૩૨/૮૫)**

મહામતિ શ્રી પ્રાણનાથજી કહે છે હે બ્રહ્માત્માઓ ! જેઓ પરમધામના આત્મા હશે તે જ પ્રિયતમ ધણીના પ્રેમરૂપી અમૃત (બ્રહ્મજ્ઞાન) ના પ્યાલા ભરી ભરીને પીશે. તારતમ આપણને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય છે. આ તારતમ વાણીને આપણે વારંવાર વાંચી, સમજી, મનન, મંથન કરીને હૃદયમાં ઉતારવી જોઈએ. આ તારતમ જ્ઞાન રૂપી પ્રકાશનું એક કિરણ પણ હૃદયનાં ઊંડાણમાં ઉતરી

જાય તો આપણું જીવન ધન્ય ધન્ય બની જશે, પરંતુ જે બ્રહ્માત્માઓ હશે તેઓ જ આ દિવ્ય પ્રકાશનો અનુભવ કરી શકશે.

**નૂર કહે મહામતિ રૂહેં, દેખો નજરો નૂર ઈલમ ।**
**વાહેદત આપ નૂર હોએ કે, પકડો નૂર જમાલ કદમ ।।**

**(પરિક્રમા ૩૫/૩૧)**

હે બ્રહ્માત્માઓ ! ધામધણીના પ્રકાશરૂપી તારતમ જ્ઞાનને સમજો. તેમના પ્રકાશથી સ્વયં અદ્વૈત (એકાત્મ) સ્વરૂપમાં જાગૃત થઈને ધામધણીના ચરણ કમલને તમારા હૃદયાસનમાં પધરાવો.

---

# જાગ્યા ત્યાંથી સવાર

**ડૉ. ધનસુખભાઈ જે. પટેલ - સંતરામપુર**

મનુષ્યની વ્હાલામાં વ્હાલી વસ્તુઓની યાદીમાં ધન, દોલત, પુત્ર, પરિવાર, અરે પોતાનો જીવ સુધ્ધાં ઘણું બધું આવી જતું હોવા છતાં તે બધાનો ત્યાગ થતો જોવા મળે છે. પરંતુ, અહંકાર એ એવી વ્હાલામાં વ્હાલી વસ્તુ છે કે તે જીવનના અભિન્ન અંગ જેવી છે. ક્યાંક તે અભિમાન રૂપે તો ક્યાંક તે ગૌરવના રૂપે પ્રગટ થાય છે. એક વિચિત્રતા એ પણ છે કે અહંકારને દુશ્મન પણ કહ્યો છે. કેમ કે તેને મનુષ્ય જીવનોન્નતિનો અવરોધક માનવામાં આવ્યો છે. વિવેક સભર તેનો ઉપયોગ થતો ન હોઈને તેને દુશ્મન કહ્યો છે. દુશ્મન રૂપ હોવા છતાં અહંકાર છૂટી શક્તો નથી તેથી તેને વ્હાલું વળગણ પણ કહેવાય છે. જો કે મનુષ્યના સૂક્ષ્મ શરીરમાં અંતઃકરણ રૂપે મન, ચિત્ત, બુદ્ધિ, અહંકારનું અનિવાર્ય અસ્તિત્વ છે જ. તેથી નિરઅંહકારિતા અશક્ય છે. આ અંતઃકરણ ચાતુષ્ટ્ય જન્મોજન્મ સાથે જ રહેતું હોય છે જે બંધન અને મોક્ષનું કારણ બને છે. શાસ્ત્રો તેથી જ તેનો વિવેક સભર ઉપયોગ કરવાનુ સૂચવે છે.

અભિમાન રાજા રાવણનું પણ રહ્યું નથી એમ કહેવામાં આવે છે છતાં કોણ છોડે છે અભિમાનને ? મોટો લોર્ડ કર્ઝન આવે તો પણ હું કોઈથી ડરતો નથી. આવા અહંકાર ભર્યા હુંકાર કરનારની આજે અછત નથી. ઘણા બધા બેફામ અહંકારી હોય છે. તો કેટલાક શક્ય સંયમી અહંકારી હોય છે. ઘણા લોકો અહંકારનો ઉપયોગ ચાલબાજી ખેલના રૂપમાં કરી રૂપાળા મહોરાં પહેરી ફરતા હોય છે. ગમે તે પ્રકારે પ્રત્યક્ષ કે પરોક્ષ અહંકારની આજે બોલબાલા છે. શક્તિ પ્રદર્શન, વાક્ચાતુર્ય, ધાર્મિકતાની ઓથ આ

બધું ઘણી વખત અહંકારનું ડાયવર્ઝન રૂપ હોય છે. તેથી જ આજે આડંબર, દંભ, દેખાડાની બોલબાલા છે. દંભ એ અહંકારનો પોષક છે, તે અહંકારનો ઢાંક પિછોડો કરવાનું, છાવરવાનું આવરણ છે તેથી જ સંતો કહે છે, અહંકાર અને દંભની જુગલ જોડીને અલવિદા કરશો તો જ જીવન ઉન્નત બનશે. મોક્ષ પ્રાપ્તિ તે સિવાય શક્ય જ નથી.

મુસ્લિમ સંતોમાં એક પ્રસિદ્ધ નામ છે 'હાજી મોહમ્મદ' તેઓની ધાર્મિકતાથી લોકો ખૂબ પ્રભાવિત હતા. લોકો તેમની પાસે જ્ઞાન પ્રાપ્તિ માટે આવતા હતા. આવા સન્માન પાત્રી આ હાદી સાહેબ ૬૦ વખત તો હજયાત્રાએ જઈ આવ્યા હતા. દિવસમાં પાંચ વખત તો અચૂક, નિયમિત પણે નમાજ પઢતા હતા. ઉત્તમ ધર્માચરણ અને સદ્ધર્મોપદેશને લઈને ખુદાના ઓલિયા તરીકેની લોકોના દિલમાં તેમની છબી હતી. છતાં.........?

એક દિવસ હાજી સાહેબને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેઓ આ જગતને અલવિદા કરીને એવી જગ્યાએ જઈ પહોચ્યા જ્યાં સ્વર્ગ નર્કની સરહદ હતી. અહીં એક ફરિસ્તો દરેકના શુભઅશુભ કર્મોની પૂછપરછ કરી યથાયોગ્ય નિર્ણય કરી સ્વર્ગ અથવા નરકમાં મોકલી આપતો હતો. હાજી સાહેબનો વારો આવતાં તેમણે કરેલા શુભ કર્મના રૂપમાં ૬૦ વખત હજયાત્રા કરી હતી તેની વાત કરી. ફરિસ્તાએ તેમને નકરાત્મક ભાવથી કહ્યું કે, પ્રત્યેક હજે તમારામાં હજ કર્યાનું અભિમાન ઉમેરાતું જતું હતું. આથી સૂક્ષ્મ અભિમાનનું પોષણ થતું હોય તેનું જે ફળ મળવું જોઈતું હતું તે ધોવાઈ ગયું. હાજી સાહેબે બીજા શુભ કર્મના રૂપે આજીવન દરરોજ નિયમિત પાંચ વખત નમાજ પઢી હતી તેની વાત કરી. ત્યારે, તે પુણ્ય પણ નાશ પામ્યું છે. કેમ કે નમાજને તમે દંભના રૂપમાં મૂકી દીધી હતી. એક વખત કેટલાક ધર્મ જિજ્ઞાસુઓ તમારી પાસે ઈલમ પ્રાપ્તિ કરવા આવ્યા ત્યારે તમે દેખાડવા ખાતર વધુ સમય માટે નમાજ પઢી. તેથી, આ પ્રકારે થતી નમાજ પણ વિફળ થઈ ગઈ. ઈલમી હાજી પ્રેકટીકલમાં નપાસ થયા અને રડવા લાગ્યા. હવે શું ?

સદ્નસીબે સ્વપ્ન ઊડી ગયું. હાજી સાહેબ જાગી ગયા હવે તો એવા જાગ્યા કે 'જાગ્યા ત્યાંથી સવાર' અભિમાન અને દંભનો ભાર હળવો થતાં તેમનામાં નમ્રતાનો દિવ્ય નિખાર આવી ગયો.

મહામતિ શ્રી પ્રાણનાથજીએ 'એક આગ છોટી બુઝાઈ, દૂજી બડી લગાઈ' આમ કહીને માનવ સ્વભાવની નિર્બળતાનો નિર્દેશ કર્યો છે. અજ્ઞાનની આગ જ્ઞાનતૃપ્તિથી

બુઝાવી દીધી, જ્ઞાની બન્યા, ધાર્મિક બન્યા, પરંતુ, સાવધાન ન રહેતાં હું પદ પ્રતિષ્ઠાની બીજી મોટી આગ લાગી જતી હોય છે. આ મોટી આગ એટલે સૂક્ષ્મ અભિમાન. પાનબાઈ આવા મનુષ્યને પ્રેકટીકલ બનવાનું કહેતાં કહે છે,

**ભક્તિ કરવી એણે, રાંક થઈને રહેવું ને,**

**મેલવું અંતરનું અભિમાન રે.......**

મહામતિ શ્રી પ્રાણનાથજી આજ વાતને જરા જુદી રીતે કહે છે,

**જ્યોં જ્યોં ગરીબી લીજે સાથમેં, ત્યોં ત્યોં ધનીકો પાઇએ માન ।**
**એ તે દોએ દિનકા લાભ જે લેના, એહી વચન જાનો પ્રમાન ॥**

દંભ અભિમાનને છાવરે છે જ્યારે નમ્રતા અભિમાનને હિંમત આપે છે. તેથી જ સંતો ગરીબી એટલે કે નમ્રતાને ધારણ કરવાનો ઉપદેશ આપે છે. હું પરમાત્માનો છું, પરમાત્મા મારા છે. આવો સાત્ત્વિક અહંકાર નમ્રતાને દિપાવે છે, ભક્તિને રંગ આપે છે અને મોક્ષના દ્વાર ખોલે છે.

મહામતિના શબ્દોમાં આ સ્પષ્ટતા જોઈ શકાય છે. જેમકે,

**તાથેં મૈં ઈન ધની કી+, કરત હકકા કામ ।**
**એ ખેલ ખુસાલી લેય કે, જાગ બૈઠે ઈત ધામ ॥**

**(ખિલવત, ૫/૪૯)**

(+ મૈં ઈન ધની કી- આત્મભાવ)

**તાથે જો મૈં હકક કી, રેહેત તલે હુકમ ।**
**મૈં દુની કી માર કે, રહી દેખ ખેલ ખસમ ॥**

**(ખિલવત ૬/૪૮)**

---

# અભિનંદન

**જામનગર શહેર બાળ કબડ્ડી-ભાઈઓના વિભાગમાં જામનગર શહેરમાં શ્રી પ્રણામી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની ટીમ પ્રથમ વિજેતા થઈને ૧૮ મી વખત પોતાનું વિજેતા પદ જાળવી રાખ્યું છે. તે બદલ શાળાના વ્યાયામ શિક્ષકશ્રી ભીમશીભાઈ પીઠિયા તથા વિદ્યાર્થીઓને અભિનંદન.**

# પ્રાર્થના

કહો, ઈશ્વર ક્યાં નથી ?
એનો ઉત્તર આપવા,
પંખીઓ હાજર થઈ જશે,
પર્ણ હાજર થઈ જશે,
પુષ્પો ઉપસ્થિત રહેશે.
પહાડો અને ખનિકાઓ પણ તૈયાર રહેશે.
ઝરણાં અને જળ પ્રપાતો, પણ
તેના ઉત્તર માટે હક્ક દાવો પેશ કરશે,
અને
પૃથુલ, પૃથ્વી તેમજ નિઃસીમ સાગર
તો ત્યાં ઊભા છે જ !
ઈશ્વર અહીં તહીં બધે જ છે.
આકાશને ધારી ધારીને જુઓ.
તેનું સૌંદર્ય અને છટાઓ ક્યાં દોરી જાય છે ?
પેલા તારકો નિહાળો, અને
પેલો સૂર્ય પણ...
કેટકેટલાં રૂપો પ્રતિક્ષણ જન્માવે છે !
અને જે એવું સામ્રાજ્ય દાખવે છે તે
સમુદ્રને પણ નીરખો,
નીરખ્યા જ કરો,
ક્ષણે ક્ષણે નવા આયામો,નવા રૂપો
અઢળક અને અનન્ય
આંખ થાકે નહીં ! હૃદય ધરાય નહીં
અથવા તે પેલી ઘાસપત્તીને
વળગેલું ઝાકળ બિન્દુ માણો
અથવા તો
વૃક્ષોનો વૈભવ દઢાવતાં પર્ણો જુઓ.
કોની લીલા એની પાછળ પડી છે !!

# શ્રી કૃષ્ણ પ્રણામી સેવાશ્રમ-શામળાજીમાં
# ૧૦૮ સાપ્તાહિક પારાયણ

**શ્રી ૫ નવતનપુરી ધામ-ખીજડા મંદિર ટ્રસ્ટ, જામનગર દ્વારા સંચાલિત શ્રી કૃષ્ણ પ્રણામી સેવાશ્રમ-શામળાજીમાં તા. ૨૩- ઓક્ટોબર થી તા. ૨૯ ઓક્ટોબર ૨૦૦૯ સુધી શ્રી તારતમ સાગરના ૧૦૮ સાપ્તાહિક પારાયણનું આયોજન શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના ધર્માચાર્ય જગદ્‌ગુરુ ૧૦૮ શ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રીની નિશ્રામાં કરવામાં આવેલ છે. આ પાવન પ્રસંગે મંદિર નિર્માણનો શુભારંભ પણ પરમ પૂજ્ય મહારાજશ્રીના વરદ હસ્તે કરવામાં આવશે.**

**આ સપ્ત દિવસીય પારાયણ દરમ્યાન દરરોજ આચાર્ય મહારાજશ્રીની અમૃતમય વાણીનો લાભ દરેક સુંદરસાથને મળશે. સાત દિવસ દરમ્યાન શ્રી પુરષોત્તમ શાસ્ત્રીજી શ્રીમદ્‌ભાગવત કૃષ્ણ કથાનું રસપાન કરાવશે. આ અવસર પર વિભિન્ન સ્થળેથી સંતો, વિદ્વાનો તથા સંગીતકારો પધારવાના છે.સમગ્ર સુંદરસાથજીને આ પાવન પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ છે.**

## : કાર્યક્રમ :

**શોભાયાત્રા :** તા. ૨૩-૧૦-૨૦૦૯ શુક્રવાર સવારે ૮-૦૦ કલાકે

**પારાયણ પ્રારંભ :** તા. ૨૩-૧૦-૨૦૦૯ શુક્રવાર સવારે ૧૦.૦૦ કલાકે
જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ દ્વારા

**દૈનિક સત્સંગ કાર્યક્રમ :** તા. ૨૪-૧૦-૨૦૦૯ શનિવાર
સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે
બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાકે

**શ્રીમદ્‌ભાગવત કૃષ્ણ કથા :** સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે

**પૂર્ણાહુતિ :** તા. ૨૯-૧૦-૨૦૦૯ ગુરુવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે
જગદ્‌ગુરુ આચાર્ય ૧૦૮ શ્રી કૃષ્ણમણિજી મહારાજ દ્વારા

## : સેવા :

| | | |
|---|---|---|
| ૧ પારાયાણની સેવા | : | ૨૧૦૦ |
| ૧ રાજભોગની સેવા | : | ૫૦૦ |
| એક દિવસની ચાની સેવા | : | ૨૫૦૦ |
| પ્રથમ દિવસની રસોઈની સેવા | : | ૫૦,૦૦૦ |
| સવારની રસોઈ | : | ૨૫૦૦૦ |
| સાંજની રસોઈ | : | ૧૫૦૦૦ |
| પાંચમા દિવસની રસોઈ | : | ૩૫૦૦૦ |
| છઠ્ઠા દિવસની રસોઈ | : | ૪૦૦૦૦ |
| પૂર્ણાહુતિ | : | ૭૫૦૦૦ |

**સંપર્ક : શ્રી પુરુષોત્તમ શાસ્ત્રીજી**

**મો : ૯૪૨૭૩૩૯૧૮૧/૯૩૭૫૧૧૯૯૯૫ ફોન : (૦૨૭૭૧)૨૪૦૭૧૪**

**સ્થળ**

**શ્રી કૃષ્ણ પ્રણામી સેવાશ્રમ-શામળાજી**

**તા. ભિલોડા, જિ. સાબરકાંઠા ગુજરાત**

## શ્રીમદ્ભાગવત કથા સંપન્ન

સુન્દરસાથજી ! આપ સહુને ખ્યાલ છે કે નિજાનન્દાચાર્ય સદ્ગુરુ શ્રી દેવચન્દ્રજી મહારાજે ૧૪ વર્ષ પર્યન્ત શ્રીમદ્ભાગવત કૃષ્ણ કથાનું નિષ્ઠાપૂર્વક રસપાન કર્યા પછી સાક્ષાત્ અક્ષરાતીત શ્રી કૃષ્ણજીએ પ્રસન્ન થઈ એમને દર્શન આપ્યા હતા. એમના સ્મરણમાં શ્રી ૫ નવતનપુરી ધામમાં પ્રતિ વર્ષ પ્રતિપદાથી ભાદ્ર શુક્લ પૂર્ણિમા સુધી શ્રી મદ્ભાગવત કથાનું સુન્દર આયોજન કરવામાં આવે છે.

ઉક્ત તિથિ અનુરૂપ આ વર્ષે તા.૨૧ ઓગષ્ટ થી ૪ સપ્ટેમ્બર સુધી શ્રી મદ્ભાગવત કથા ખૂબ જ સુન્દર રૂપથી સમ્પન્ન થઈ. આ વર્ષે વ્યાસપીઠ પર શ્રી ૫ નવતનપુરી ધામનાં કથાકાર શ્રી પ્રહ્લાદરાજ શાસ્ત્રીજી હતા. તેઓએ પોતાની સુન્દર તથા સરલ શૈલી દ્વારા સુન્દરસાથજીને શ્રી કૃષ્ણ કથામાં તરબોળ કર્યા. કથાનો પ્રારંભ અને પૂર્ણાહુતિ પરમ પૂજ્ય જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજની સુન્દર ઉપસ્થિતિ તથા આશીર્વાદ દ્વારા સંપન્ન થઈ હતી.

# સમાચાર દર્પણ

# ૧૭ મી પુણ્યતિથિએ આચાર્યશ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજને "સ્મરણાંજલિ"



તા. ૫-૮-૨૦૦૯ ને બુધવારના રોજ પૂજ્યપાદ બ્રહ્મલીન આચાર્યશ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજની સમાધિસ્થાને સ્મરણાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ, ટ્રસ્ટીશ્રી નવીનભાઈ પરીખ, ટ્રસ્ટીશ્રી મનસુખભાઈ સંઘાણી, સંતશ્રી રામદાસજી, શાસ્ત્રીશ્રી લક્ષ્મણ ચૈતન્ય, શ્રી સુરેન્દ્રજી, શ્રી કનકરાય વ્યાસ, શ્રી મનજીભાઈ પટેલ શ્રી ભગવાનજીભાઈ વગેરેએ સમાધિ પર પુષ્પો અર્પણ કરી ભક્તિભાવથી ભાવાંજલિ અર્પણ કરી.

કાર્યક્રમના પ્રારંભમાં સંત શ્રી સુરેન્દ્રજીએ મેહેર સાગરના સસ્વર પાઠ કરાવ્યા હતા. ત્યાર બાદ નિજાનંદ ગુરુકુળના વિદ્યાર્થીઓએ સમૂહમાં પ્રાર્થના કરી. આ પ્રસંગે પ્રણામી વિદ્યામંદિરના જોષી કુશ દ્વારા શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા.

પ્રાસંગિક ઉદ્બોદ્ધન કરતાં શાસ્ત્રીશ્રી લક્ષ્મણ ચૈતન્યજીએ જણાવ્યું કે ગુરુજીએ આપેલા યોગદાનમાં આપણે બનતા પ્રયત્નોથી સદ્કાર્યો કરીએ અને એને આગળ ધપાવીએ એજ સાચી સ્મરણાંજલિ ગણાશે.

શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજે પોતાના આશીર્વચન વક્તવ્યમાં જણાવ્યું કે 'શ્રાવણ મહિનો શ્રવણનો મહિનો છે દરેક ગામમાં સત્સંગ કથા ચાલે છે. આજે પૂર્ણિમા પણ છે. પૂર્ણિમાએ ચંદ્ર શીતલતા પ્રદાન કરી પૂર્ણ કળાએ ચમકતો રહે છે. આજે આપણે શ્રવણ કરી અંતર સુધી ઉતારીએ. આપણી ભાવનાને શ્રવણના માધ્યમથી પવિત્ર કરવાના ઉપાયો મહત્ત્વ પૂર્ણ હોય છે. જે આજ શ્રવણ દ્વારા પૂર્ણ કરવાના છે.

આચાર્ય શ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજશ્રીનું જીવન ત્યાગ તપસ્યા અને પવિત્રતાથી ભર્યું હતું. હૃદય સરલ અને છળકપટ વગરનું હતું. કોઈનું ખરાબ કરવાની વૃત્તિઓ ન હતી. આ સંસ્થાના કણેકણમાં તેમની તપસ્યા સમાયેલી છે. મહાપુરુષોના આશીર્વાદ ચારે બાજુ ફેલાયેલા હોય છે. આપણી ભાવના, પ્રયત્નો કે વિચારોમાં નિષ્ઠા હોય તો લાભ મળે. આથી આપણે એ દિશામાં પ્રયત્નશીલ બનીએ.

આ પ્રસંગે નિજાનંદ ગુરુકુળના વિદ્યાર્થીઓ, પ્રણામી હાઈસ્કૂલ, વિદ્યામંદિરનો અધ્યાપકગણ, તેમજ શહેરમાંથી ભાવિક સુંદરસાથજીએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાની ભાવાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમનું સરસ સંચાલન કનકરાય વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

---

## જામનગર શહેરમાં જન્માષ્ટમી પ્રસંગે

# વિરાટ શોભાયાત્રા



જામનગર શહેરની સુપ્રસિદ્ધ ધાર્મિક શૈક્ષણિક અને માનવ કલ્યાણકારી સંસ્થા શ્રી ૫ નવતનપુરી ધામના આગેવાની હેદળ જામનગર શહેરમાં જન્માષ્ટમીના પાવન પર્વે એક વિરાટ સાર્વજનિક શોભાયાત્રા પૂર્ણભક્તિ ભાવ અને હર્ષોલ્લાસથી સંપન્ન થઈ. શ્રી ૫ નવતનપુરી ધામ ખીજડા મંદિર ઉપરાંત પુષ્ટિ સમ્પ્રદાયની મોટી હવેલીનું વ્રજવલ્લભ સોશિયલ ગ્રુપ, આણંદાબાવા સેવા સંસ્થા, વિશ્વહિન્દુ પરિષદ, ગાયત્રી શક્તિ પીઠ, આર્ય કલ્ચર કલબ વગેરે સંસ્થાના કુલ ૧૨ ફ્લોટ્સ જોડાયા હતા.



આ વિશાલ શોભાયાત્રાના મંગલ પ્રસ્થાન સમયે હવાઈ ચોકમાં ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાને આણંદાબાવા સેવા સંસ્થાના મહંતશ્રી દેવપ્રસાદજી મહારાજ તથા શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય ૧૦૮ કૃષ્ણમણિજી

મહારાજશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોદ્ધન કર્યુ હતુ. બન્ને સંતોએ પ્રવચનમાં જણાવ્યું કે શ્રી કૃષ્ણજીના ઉપદેશનું વર્તમાન પરિપ્રેક્ષ્યમાં પાલન કરવું જરૂરી છે જેથી આપણા સૌમાં પ્રેમભાવ ઉત્પન્ન થાય અને આપણી રાષ્ટ્રભાવના દૃઢ થાય એ રીતે જન્માષ્ટમીની ઉજવણી સાર્થક ગણાશે. સંતો અને આગેવાન નાગરિકો દ્વારા પૂજન વિધિ બાદ શોભાયાત્રાનું મંગલ પ્રસ્થાન થયું.

શોભાયાત્રાના પ્રારંભે આયોજિત ધર્મસભામાં જામનગરના સંસદ સભ્યશ્રી વિક્રમભાઈ માડમ, ધારાસભ્યશ્રી લાલજીભાઈ સોલંકી, ગુજરાત પ્રદેશ ભાજપાના મંત્રી શ્રી રમેશભાઈ મુંગરા, ડેપ્યુટી મેયર શ્રીમતી રેખાબેન શર્મા, જાણીતા બિલ્ડર્સ શ્રી નિલેષભાઈ ટોલિયા, વિહિપના આગેવાન દિનેશભાઈ કનખરા અને ભરતભાઈ મોદી, રંગુનવાલા ટ્રસ્ટના આગેવાન વહાબભાઈ, કોંગી અગ્રણી શ્રી ભીખુભાઈ વારોતરિયા, પૂર્વ મેયરશ્રી ધર્મેન્દ્રસિંહ ઝાલા, મનહરભાઈ ઝાલા, ડૉ. અવિનાશભાઈ, કોર્પોરેટરશ્રી મનીષભાઈ કનખરા, કોર્પોરેટરશ્રી શોભનાબેન વ્યાસ, કોર્પોરેટર ચેતનભાઈ ઉપાધ્યાય, નવતનપુરી ધામના ચીફ એકઝીક્યુટીવ ટ્રસ્ટીશ્રી નવીનચંદ્ર પરીખ, ટ્રસ્ટીશ્રી મનસુખભાઈ સંઘાણી વગેર મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ શોભાયાત્રાના રૂટમાં ઠેર ઠેર પાણીના પરબ, શરબતના સ્ટોલ, પ્રસાદીની તથા ફરાળની વ્યવસ્થા તેમજ સ્વાગત સન્માનની સુંદર વ્યવસ્થા જુદા જુદા મંડળો દ્વારા કરવામાં આવી હતી. જેમાં વિશેષ ઉલ્લેખનીય છે, હવાઈ ચોક મિત્ર મંડળ દ્વારા સમગ્ર ચોકમાં સુશોભન અને રોશની કરવામાં આવી હતી. સેન્ટ્રલ બેંક પાસે બજરંગ દળના અગ્રણી શ્રી દેવુભાઈ દવે, મનીષભાઈ ભટ્ટ, ઉપેન્દ્ર ત્રિવેદી દ્વારા ઠંડાપાણીની વ્યવસ્થા હતી. બર્ધન ચોક સિંધી વેપારી મંડળના આગેવાન શ્રી ભોલાભાઈની ટીમ દ્વારા ફરાળની વ્યવસ્થા, ચાંદી બજારમાં વેપારી મહામંડળના આગેવાન શ્રી સુરેશભાઈ તન્નાની ટીમ દ્વારા પ્રસાદી વિતરણ કરવામાં આવ્યું હતું. બેડી ગેઈટ પાસે પરમાનંદ સ્ટ્રીલ અને વેપારી ભાઈઓએ શરબતથી શોભાયાત્રાના ભાવિકોનું સ્વાગત કર્યું હતું. પંચેશ્વર ટાવર પાસે લોહાણા મહાજનના પ્રમુખશ્રી જિતુભાઈ લાલ અને મંત્રીશ્રી રમેશભાઈ દત્તાણીએ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. ગણેશ ચોકમાં ગિરનારી યુવક મંડળ દ્વારા ઠંડા પાણીના પાઉચ તેમજ મટકી ફોડના કાર્યક્રમનું આયોજન હતું.

આ શોભાયાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદના D. J. ની સંગાથે ભક્તજનો મનમૂકીને નાચ્યા હતા. સુંદરસાથની બાલિકાઓ માથે મટકી મૂકીને ગરબે ઘૂમી હતી. બાઈજીરાજ મહિલા મંડળ, શ્રી કૃષ્ણ પ્રણામી મહિલા મંડળ કૃષ્ણ નગર તેમજ સૌ કૃષ્ણ ભક્તજનો રસ્તા પર રાસ-ગરબાની રમઝટ બોલાવી D. J. ની સંગે ભક્તિ રસમાં ઝૂમી ઊઠ્યા હતા. ચાર કલાકની નગરયાત્રા કરી શ્રી ૫ નવતનપુરી ધામ ખીજડા મંદિરે સમાપન થયું. સંસ્થાએ ભોજન-પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી.

આ શોભાયાત્રામાં ટ્રેક્ટરની સેવા હર્ષદપુર, કોંઝા, દરેડ, ઠેબા અને વિભાપરના સુંદરસાથે કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કબીર આશ્રમ, હર્ષદપુરના આગેવાન જમનભાઈ ભંડેરી, કોંઝાના મુકુંદભાઈ, દરેડના કેશુભાઈ, હરિપરના શ્રી કિશોરભાઈ ઠેબાના આગેવાન શ્રી બટુકભાઈ સંઘાણી, વિભાપરના લક્ષ્મણભાઈ, શ્રી સુરેન્દ્ર શાસ્ત્રીજી, શ્રી જોગીનભાઈ જોશી, પ્રિ. દિલીપભાઈ આશર, ટ્રસ્ટીઓ, વિહિપ, બંજરંગ દળ, વેપારી મહામંડળ, શ્રી ભગવાનજીભાઈ, શ્રી ધીરૂભાઈ, બાબુભાઈ, ભગવાનજીભાઈ પેઢડિયા, જામનગરના સુંદરસાથ તેમજ અનેક નામી અનામી સંસ્થાઓ, કાર્યકરોનો સુંદર સહયોગ મળ્યો હતો. શોભાયાત્રાના પ્રચાર માટે બેનરનું સૌજન્ય આપનાર આગેવાનો પણ સહયોગી બન્યા હતા.

આ રીતે કૃષ્ણ કનૈયાના જન્મદિનને વધાવવા માટેની આ શોભાયાત્રા સૌના સુંદર સહકાર અને ભક્તિભાવ પૂર્વક, જામનગર વાસીઓને ભક્તિના રંગે રંગી ખૂબ સારી રીતે ઉલ્લાસ અને આનંદ પૂર્વક સંપન્ન થઈ.

# જન્માષ્ટમી મહોત્સવ તથા નંદોત્સવ



તા. ૧૪-૮-૦૯ ના રોજ શ્રી કૃષ્ણ પરમાત્માના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે સવારે શોભાયાત્રાનું વિરાટ આયોજન હતું. રાત્રે ૯ થી ૧૨ દરિમિયાન રાસ-ગરબાની રમઝટ અને ભક્તિમય વાતાવરણમાં જન્મ સમયની વધાઈ ગાવામાં આવી. બરાબર ૧૨ ના ટકોરે મંદિરનો પડદો ખૂલતાં જ “નંદ ઘેર આનંદ ભયો” ના નાદથી મંદિરનું પ્રાંગણ ગૂંજી ઊઠ્યું. વિશાળ સુંદરસાથ અને કૃષ્ણ ભક્તોની હાજરી વચ્ચે ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવથી રાત્રીકાલીન કાર્યક્રમ સંપન્ન થયો.

બીજા દિવસે સવારે શ્રી ૫ નવતનપુરી ધામના પ્રાગણમાં નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. રાસ ગરબા અને માથે મટકી લઈને ગોપીઓ ઘૂમતી હતી. ભક્તો ભક્તિભાવે નૃત્ય કરી મહોત્સવ માણી રહ્યા હતા. પૂજ્યપાદ આચાર્યશ્રીએ સાકર, શીંગદાણા અને ચોકલેટની વર્ષા કરી. ભક્તો, પ્રસાદી માટે પ્રેમથી પડાપડી

કરતા હતા. આ દૃશ્ય અને આનંદ જેણે માણ્યો એણે જ જાણ્યો. રાસ-ગરબા માટે પ્રાંગણ નાનું પડતું હતું. ભક્તોજનો અને સુંદરસાથની હકડેઠઠ મેદનીથી કાર્યક્રમ દીપી ઉઠ્યો. કાર્યક્રમને અંતે મટકી ફોડવામાં આવી આ પ્રસંગે પણ ગોરસની પ્રસાદી માડે પડાપડી થઈ હતી. આમ જન્માષ્ટમી અને નંદ મહોત્સવ ભક્તિભાવે રંગે ચંગે મનાવવામાં આવ્યો.

# રાધા અષ્ટમી



તા. ૨૭-૦૮-૦૯ ને શુક્રવારના રોજ શ્રી ૫ નવતનપુરી ધામમાં રાધાષ્ટમીની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી. પરમધામ, વ્રજ, રાસ તેમજ જાગણીલીલામાં શ્રી રાધાજીનું વિશેષ મહત્ત્વ છે. તેઓ આ ભૂતલ પર અવતરિત થયા તે દિવસ ભાદરવા સુદ આઠમનો છે. આ પાવન પર્વની ઉજવણી અર્થે ગણદેવીથી આશરે ૧૦૦ ની સંખ્યામાં સુંદરસાથજી આવ્યા હતા. સવારે પ્રાકટ્ય પૂર્વેની વધાઈ-કીર્તનો ગાવાવાળી મંડળીએ સુંદર ભક્તિમય વાતાવરણનું નિર્માણ કર્યું. બરાબર ૧૦.૦૦ કલાકે પ્રાકટ્ય મહોત્સવની આરતી થઈ. સમગ્ર પ્રાંગણ રાધારાણીના જય જય કારથી ગૂંજી ઊઠ્યું. સ્થાનિક સુંદરસાથ, ગણદેવીથી આવેલા સુંદરસાથ અને આસપાસથી આવેલા સુંદરસાથે દર્શન-આરતીનો લાભ લીધો.

સાંજે ૪ થી ૬ દરમિયાન રાસ-ગરબા, વાણીની રામતો, મટકી ફોડના કાર્યક્રમો પણ સરસ રીતે સંપન્ન થયાં. ગણદેવીથી પધારેલા સુંદરસાથ અને ગાયક વૃંદના ઉમંગ, ઉત્સાહથી સ્થાનિક સુંદરસાથજીમાં પણ આનંદ ઉમંગ વર્તાયો. આમ સહુના સુંદર સહયોગથી રાધા અષ્ટમીની ઉજવણી પણ સુંદર રીતે થઈ હતી. નવતનપુરી ધામ પ્રત્યેના ભક્તિભાવ અને પ્રેમને લઈ આટલે દૂરથી અહીં આવી સરસ કાર્યક્રમ કરવા બદલ સૌને ધન્યવાદ.

**- કનકરાય વ્યાસ**

# સાહિત્ય સેવા

**ઠેબા :** શ્રી કૃષ્ણ પ્રણામી મહિલા મંડળ ઠેબા દ્વારા ગામમાં વીતક સાહેબની કથા કરાવ્યાની ખુશાલી અર્થે રૂા. ૫૦૧/ ભેટ મળી છે. હ. શ્રી અજયભાઈ પૂજારી. મહિલામંડળને ધન્યવાદ.

**આંબલિયા (ઘેડ) :** શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં વીતકકથાનું તા. ૧૨ થી ૧૮ જુલાઈ સુધી સાપ્તાહિક પારાયણ રાખવામાં આવ્યું હતું. શ્રી દીપેન સિતૌલાજીએ વીતકકથાનું રસપાન કરાવ્યું હતું. પૂજારીશ્રી લખી ઉપ્રેતિએ સરસ વ્યવસ્થા જાળવી હતી. આ પ્રસંગે શ્રી કરસનભાઈ, અરસીભાઈ, મેણસીભાઈ, ગોવિંદભાઈ તથા ધામવાસી મેરામણભાઈ સોલંકી તરફથી ભોજન-પ્રસાદની સુંદરવ્યવસ્થા કરવામાં આવી હતી. વીતકકથાનો પ્રારંભ અને પૂર્ણાહુતિ ખૂબ જ સારી રીતે સંપન્ન થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૫૧/ પત્રિકાની સેવામાં મળ્યા છે. ધન્યવાદ.

**ગોંડલ :** ધર્મજ્ઞશ્રી મેણસીભાઈ નારાણભાઈ જોગલ તરફથી તેમને ત્યાં વીતકકથા રાખવામાં આવી હતી. આ કથાનું રસપાન શ્રી મનહરલાલ મહારાજે કરાવ્યું હતું. આ પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ ભેટ મળી છે. ધન્યવાદ.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી હરેશભાઈ ઠાકોરભાઈ પીઠડિયા તરફથી બ્રહ્મલીન આચાર્યશ્રી ધર્મદાસજી મહારાજશ્રીની ૧૭ મી પુણ્યતિથિ પ્રસંગે રૂા. ૩૧૩/ ભેટ મળી છે. ધન્યવાદ.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી કેતનભાઈ નાથાભાઈ મુંગરાના ચિ. ધવલ યુરોપમાં અભ્યાસ અર્થે જવાના છે તેની ખુશી પ્રસંગે રૂા. ૩૦૦/ સાહિત્ય સેવામાં મળ્યા છે. ધવલભાઈને હાર્દિક શુભકામના.

**અંજાર :** ધર્મજ્ઞા વિજયાબેન જયંતીભાઈ રાઠોડ તરફથી ચિ. હેમાંગભાઈ, ચિ. પ્રગતિ, ચિ. દેવાંગ, ચિ. દીપાલીબેનના શાળા પ્રવેશ પ્રસંગની ખુશાલીમાં રૂા. ૨૫૦/ મળ્યા છે.

**મુંબઈ :** અર્પિતાબેન અનિલકુમાર રાજપૂતના જન્મદિનની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ મળી છે. જન્મદિનની હાર્દિક શુભકામના.

: ધર્મજ્ઞા પુષ્પાબેન કનુભાઈ જાદવ સપરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

**ગોધરા :** દોલતસિંહ સામંતસિંહ રાઠોડ તરફથી પત્રિકાની સેવામાં રૂા. ૨૫૧/ શુભેચ્છા ભેટ મળી છે. ધન્યવાદ.

**ભાવનગર :** ધીરજલાલ રામભાઈ કપોપરાએ શ્રીરાજજીની કૃપાથી બેંકની નોકરી નિર્વિઘ્ને પૂરી કરી વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

**રાજકોટ :** ભીખાભાઈ ગોવિંદભાઈ સોરઠિયા તરફથી વીતકકથાની પૂર્ણાહુતિ પ્રસંગે રૂા. ૨૦૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**કોંઝા :** ધર્મજ્ઞ શ્રી પોપટભાઈ જાદવભાઈએ પોતાના નિવાસ સ્થાને વીતકકથા એક મહિનો કરી અને સારી રીતે પૂર્ણાહુતિનો કાર્યક્રમ સંપન્ન થયો તે પ્રસંગે રૂા. ૨૦૧/ ભેટ મળી છે.

**રાજકોટ :** ધર્મજ્ઞા પુષ્પાબેન અમૃતલાલ બગથરિયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ ભેટ

**રાજકોટ :** શ્રી રાસબિહારી કાનજીભાઈ સભાયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે રૂા. ૧૫૦/ ભેટ મળી છે.

**જામનગર :** શ્રી ૫ નવતનપુરી ધામના શ્રી શ્યામસુંદર શાસ્ત્રીજીએ શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર જુનાગઢમાં તા. ૧૯-૭-૦૯ થી તા. ૨-૮-૦૯ સુધી વીતકકથાનું રસપાન કરાવ્યું. પૂર્ણાહુતિ ખૂબ ધામધૂમ અને ભક્તિભાવ પૂર્વક સંપન્ન થઈ તેમજ આશરે બેહજાર સુંદરસાથજીએ ભોજન-પ્રસાદનો લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમની ખુશી પ્રસંગે રૂા. ૨૫૧/ સાહિત્ય સેવામાં ભેટ મળી છે.

**સરસીયા :** શ્રી ઠાકરશીભાઈ ખીમાભાઈ વસોયાના પૌત્રએ મુંબઈમાં નવું નિવાસ સ્થાન લીધું એની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**નિકોડા :** શ્રી મોહનભાઈ ગણેશભાઈ પટેલ તરફથી ચિ. પરેશકુમારની સુપુત્રી 'અંગના' નું નામકરણ ફોઈ ક્રિશ્ના તથા ફુવા કેતનકુમારે કર્યું તેની ખુશાલીમાં ગામમાં જલેબી વહેંચી તથા તેમના બાબા રાજને શાળામાં દાખલ કર્યાની ખુશીમાં રૂા. ૨૫૧/ ભેટ મળી છે. ધન્યવાદ

**નાના થાવરિયા :** ધર્મજ્ઞશ્રી ભાદાભાઈ કારસરિયાના ધામગમન નિમિત્તે અખંડ પારાયણ રાખેલ હતી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં સત્સંગ-ચર્ચા, ભજન-કીર્તન અને રાસ-ગરબાનો કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયોની તેની ખુશાલી અર્થે રૂા. ૫૦૦/ ભેટ મળી છે. ધન્યવાદ

## રૂા. ૧૦૦/

**માંડાસણ :** શ્રી જમનભાઈ બાવનજીભાઈ ભંડેરી તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**જુનાગઢ :** શ્રી વિમળાબેન રતિભાઈ કપોપરા તરફથી શ્રી જયેશકુમારને ત્યાં ચિ. તિલનો જન્મ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**આમોદ્રા :** શ્રી પ્રહ્લાદભાઈ વેણાભાઈ પટેલની પૌત્રી ચિ. સુહાનીબેનનો જન્મ દિવસ તા. ૧૭-૭-૦૯ ના રોજ હતો. તેની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**સાંકરોડિયા :** શ્રી શંકરલાલ પ્રભુદાસ પટેલ તરફથી ચિ. આદર્શ તથા ચિ. યુગની સાકરતુલા પ્રસંગે ભેટ મળી છે.

**બાવસર :** શ્રી આતિશકુમાર સી. પટેલ તરફથી ચિ. આસ્થાના જન્મદિનની ખુશાલી તથા શ્રી ૫

નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ મળી છે.

**ખાનપુર :** શ્રી પંકજકુમાર કિશનલાલ તરફથી તેઓશ્રી જન્માષ્ટમી પ્રસંગે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી અર્થે ભેટ.

**સાંકરોડિયા :** શ્રી પ્રજ્ઞેશકુમાર શંકરલાલ પટેલ તરફથી ચિ. યુગ અને ચિ. આદર્શને શ્રી ૫ નવતનપુરીધામના દર્શનાર્થે લાવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**નડિયાદ :** શ્રી પ્રવીણચંદ્ર ભવાનીશંકર જોષી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**ઓડા :** શ્રી બાબુભાઈ પંડયા જન્માષ્ટમી પ્રસંગે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**અમદાવાદ :** શ્રી જગદીશભાઈ અમૃતભાઈ પંડયા તરફથી શ્રી કનુભાઈ પંડયાને ત્યાં તા. ૧૮-૭-૦૯ ના રોજ પુત્ર રત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**સુરત :** શ્રી નાગજીભાઈ ભાણજીભાઈ ભંડેરી ઠેબાવાળા સુરતથી નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**કાલાવડ :** શ્રીમતી રમાબેન અરવિંદભાઈ વાદી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**મુંબઈ :** શ્રીમતી પુષ્પાબેન એલ. પટેલને ત્યાં શ્રી પુરુષોત્તમભાઈ આર. પટેલે વીતકકથાનું રસપાન કરાવ્યું તેની ખુશાલી અર્થે ભેટ.

**ધરસન :** શ્રી રામભાઈ લુવાએ શ્રી રાજજીની અસીમ કૃપાથી નવું નિવાસ સ્થાન ખરીદ કરી ગૃહપ્રવેશ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**સરસીયા :** શ્રી ઠાકરશીભાઈ ખીમાભાઈ વસોયાના સુપુત્રે ગાડી લીધી તેની ખુશાલીમાં ભેટ મળી છે.

**સાંકરોડિયા :** શ્રી રાજ ભજન મંડળ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવીને ભજન-કીર્તન કર્યા તેની ખુશી પ્રસંગે ભેટ મળી છે. હ. શંકરભાઈ પ્રભુદાસભાઈ પટેલ.

**નિકોડા :** શ્રી અરવિંદભાઈ મણિભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**નિકોડા :** ધર્મજ્ઞા શ્રી જયાબેન હર્ષદભાઈ પટેલના સુપુત્ર ચિ. હેતને શાળામાં દાખલ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**નિકોડા :** શ્રી રૂપેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તરફથી તેઓશ્રીએ "શ્રી રાજ મિલન ડેરી પાર્લર" નો શુભારંભ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**નિકોડા :** ચિ. પ્રાચિ રોનકભાઈ પટેલના બીજા જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ.

**મોવિયા (ગોંડલ) :** શ્રી મનહરલાલ જી. ઠાકર તરફથી ચિ. દેવભાઈને પૂજ્ય મહારાજશ્રી દ્વારા કંઠી ગ્રહણ કરાવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**ગણદેવી :** શ્રી બ્રિજેશકુમાર ભાવસાર તરફથી ચિ. હિરની પ્રથમ વર્ષગાંઠ (૨૪-૯-૦૯) ની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**ચિત્રાવડ :** ધર્મજ્ઞા શ્રી લલિતાબેન વિરચંદભાઈ તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**ફત્તેપુર :** શ્રી પારસકુમાર રાજુભાઈ પટેલ બી. એસ. નર્સિંગમાં ૭૩ ટકા ગુણ મેળવી પાસ થયાની ખુશીમાં મળ્યા છે. અભિનંદન.

**ઉકાઈ :** શ્રી ભાવિનાભાઈ જે. કાપડિયા તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**પ્રતાપનગર :** શ્રી જગદીશભાઈ સી. ભાવસાર તરફથી પત્રિકાની સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**જામનગર :** શ્રી ચંદ્રેશભાઈ પરબતભાઈ ચાંગાણીનો સુપુત્ર ચિ. કુલદીપ ધોરણ બીજામાં ૧૦૦ ટકા ગુણ મેળવી ઉત્તીર્ણ થયો છે. પટેલ સમાજમાં પણ પ્રથમ નંબર મેળવેલ છે. તેની ખુશાલી અર્થે ભેટ મળી છે. કુલદીપને ખૂબ ખૂબ અભિનંદન તથા ભવિષ્યમાં આવી જ શૈ. કારકિર્દી બનાવી રાખે એવી શુભકામના.

# રૂા. ૫૧/

૧.વસરા એભાભાઈ ભુરાભાઈ-**પોરબંદર** ૨.પાંભર કેશવજી નાનજીભાઈ-**કાલાવડ(શીતલા)** ૩.ગોહેલ મણિલાલ નાનજીભાઈ-**બગસરા** ૪.હરસોડા મંજુલાબેન ગોવિંદભાઈ-**રાજકોટ** ૫.કથીરિયા સંગીતાબેન જયેશભાઈ-**બેડિયા** ૬.શ્રીમતી સરોજબેન ગજ્જર-**કલોલ** ૭.પંડયા બાબુભાઈ દલપતભાઈ-**જયાનપુરા** ૮.ભટ્ટ વીણાબેન-**જામનગર** ૯.વેકરિયા જમનાબેન-**રાજકોટ** ૧૦.ભંડેરી ગોરધનભાઈ-**જુનાગઢ** ૧૧.ભંડેરી મોહનભાઈ જીવરાજભાઈ-**હડમતીયા** (ગીર) ૧૨.ભંડેરી મણિભાઈ સવજીભાઈ-**હડમતીયા** (ગીર) ૧૩.ભાવસાર બંશીલાલ મોહનભાઈ-**ઉનાઈ** ૧૪.ભાવસાર રાકેશકુમાર સી.-**રાનકુવા (ચીખલી)** ૧૫.ભાવસાર ઈન્દુબેન અરવિંદભાઈ-**ગણદેવી** ૧૬.ભાવસાર તનસુખભાઈ મૂલચંદભાઈ-**વાપી** ૧૭.પાઘડાર ધનજીભાઈ ગંગદાસભાઈ-**રાજકોટ**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

# ધામગમન

**નાનાથાવરિયા** નિવાસી ધર્મપ્રેમી શ્રી ભાદાભાઈ મનજીભાઈ કારસરિયાનું તા. ૬-૮-૦૯ ના રોજ ધામગમન થયેલ છે. શ્રી ૫ નવતનપુરી ધામમાં તેઓશ્રીની ખૂબ જ સારી સેવા રહી છે. તેમના પરિવાર દ્વારા શ્રી ૫ નવતનપુરી ધામના આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રીના સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. રાસમંડળી અને ભજન-કીર્તન પણ રાખવામાં આવ્યા હતા. સેવાભાઈ ધામવાસી ભાદાબાપાના આત્માને શ્રી રાજજી નિજ ચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે એજ અભ્યર્થના. પરિવારજનો તરફથી સાહિત્ય સેવામાં રૂ. ૨૫૧/ ભેટ મળ્યા છે.

**હર્ષદપુર** નિવાસ શ્રી જીવીબેન પોપટભાઈનું તા. ૩૧-૭-૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે રૂા. ૧૦૧/ સાહિત્ય સેવામાં મળ્યા છે. હ. હસમુખભાઈ નાથાભાઈ.

**સિંહુજ** નિવાસી શ્રી ભગવાનદાસ ફુલાભાઈ પટેલના માતુશ્રી મણિબેન પટેલનું તા. ૧-૮-૦૯ ના રોજ પરમધામ ગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળી છે.

**રાનકુવા (ચીખલી)** નિવાસી કીકુભાઈ નગીનદાસ ભાવસારનું શ્રાવણ સુદ બીજના રોજ ધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ ભેટ મળ્યા છે.

**હર્ષદપુર** નિવાસી વાઘજીભાઈ રત્નાભાઈ ચોવટિયાનું ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે ગોટાપારાયણ કરાવી અને સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ ભેટ મોકલી છે.

**સેલવાસ** નિવાસી રમેશચંદ્ર મોહનલાલ ભાવસારનું ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૩૦૬/ ભેટ મળી છે. હ. પ્રવીણભાઈ ભાવસાર

**ઈસરા** નિવાસી દેવસીભાઈ મેસુરભાઈ રાવલિયા ધામગમન નિમિત્તે શ્રી ૫ નવતનપુરી ધામમાં તા. ૧૮-૮-૦૯ ના રોજ ગોટાપારણ કરાવી. સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦/ ભેટ મળી છે.

**સેલવાસ** નિવાસી ઝવેરબેન મોહનલાલ ભાવસારનું ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં પત્રિકાની સેવામાં રૂા. ૩૫૧/ ભેટ મળી છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના***

# પાકી રસોઈની સેવા

| | | |
|---|---|---|
| ૦૧. | શ્રી મણિલાલ જીવાભાઈ પટેલ પરિવાર | બાવસર |
| ૦૨. | શ્રી વ્રજલાલ માધાભાઈ નારીયા | કોંજા |
| ૦૩. | ધા.વા. નવીનચંદ્ર મગનલાલ ભાવસાર હ. શ્રી રાકેશભાઈ | સેલવાસ |
| ૦૪. | ધા.વા. હંસરાજભાઈ લીંબાભાઈ વાગડીયા હ.શ્રી રસિકભાઈ | ધુડશિયા |
| ૦૫. | શ્રીમતી ભગવતીબેન જિતેન્દ્રભાઈ વાઘેલા | લંડન (યુ.કે.) |
| ૦૬. | ધા.વા. કુસુમબેન ધીરજલાલ ભાવસાર હ.શ્રી નીતિનભાઈ ભાવસાર | ગણદેવી |
| ૦૭. | ધા.વા. મૂળજીભાઈ જેઠાભાઈ ગજેરા, ધા.વા. શાંતાબેન મૂળજીભાઈ ગજેરા તથા ધા.વા. ભનુભાઈ મૂળજીભાઈ ગજેરા | કેરીયાચાડ |
| ૦૮. | શ્રી ગોરધનભાઈ કાળાભાઈ પાનસુરીયા | દાવલી |
| ૦૯. | શ્રી કૃષ્ણ પ્રણામી મહિલા મંડળ | ખીમપાદર |
| ૧૦. | ધા.વા. રવજીભાઈ લાલજીભાઈ ભંડેરી | અમદાવાદ |
| ૧૧. | શ્રી ઠાકરશીભાઈ ખીમાભાઈ વસોયા | સરસિયા |
| ૧૨. | શ્રી સાવિત્રીબેન ચૌહાણ | હૈદ્રાબાદ |

## શ્રી ૫ નવતનપુરી ધામના આ વર્ષના વીતક કથાકાર તથા કથાસ્થળ

(૦૧)પુજારી શ્રી યમનાથ શાસ્ત્રીજી-શ્રી ૫ નવતનપુરીધામ, જામનગર (૦૨)પં શ્રી અમૃતરાજ શર્મા-શ્રી નવતન ધામ, કાઠમાડૌં (નેપાલ) (૦૩) શ્રી લીલાધર શાસ્ત્રી શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર (U.S.A) (૦૪)શ્રી શ્યામસુંદર ઓઝા-શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, જૂનાગઢ(૦૫)શ્રી જનાર્દન શાસ્ત્રી- બાબા દયારામ ધામ, કરનાલ (હરિયાણા)(૦૬)શ્રી ચન્દન શાસ્ત્રી-શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, શુકલાઈ (આસામ) (૦૭)શ્રી રમણરાજ શાસ્ત્રી-કૃષ્ણનગર (જામનગર) (૦૮)શ્રી રાજેન્દ્ર શાસ્ત્રી- શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, અમદાવાદ તેમજ આમોદરા(૦૯)શ્રી પ્રકાશ આચાર્ય- શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, નિકોડા સા.કાં (૧૦)સંત શ્રી રામેશ્વરદાસજી-શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, પૌડી આશ્રમ, સાગર (મ. પ્ર.) (૧૧) શ્રી અર્જુન રાજ પુરી-નિજાનન્દ ગુરુકુલ (જામનગર) (૧૨)શ્રી રાધેશ્યામજી-વિભાપર (જામનગર)(૧૩) શ્રી તુલસી સ્વરૂપજી- શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, સિનુગ્રા(૧૪)શ્રી ઉદ્ધવરાજ શાસ્ત્રી- ડાલાસ (અમેરિકા) (૧૫)શ્રી નારાયણ શાસ્ત્રી-હિંમતનગર (સા.કા.) (૧૬) શ્રી અજય પ્રણામી-ઠેબા (જામનગર) (૧૭) સુશ્રી ભાનુ પ્રણામી-કાલાવડ (જામનગર) (૧૮) સુશ્રી ગીતા પ્રણામી- શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, બાવસર (૧૯) શ્રી નારાયણ શર્મા- શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, હોક્સે (નેપાલ) (૨૦) શ્રી પુરુષોત્તમ ખતિવડા- શ્રી કૃષ્ણ પ્રણામી મન્દિર, સિમરા (નેપાલ)




इन्जीनियर्स एसोसिएशन जामनगर द्वारा आयोजित वार्षिक कार्यक्रममें
दीप प्राकट्य एवं उद्बोधन करते हुए संत श्री सुरेन्द्रजी




## श्री ५ नवतनपुरी धामकी ओरसे विभिन्न स्थानोंमें
## ← भेजे गये इस वर्षके वितक कथाकार

RNI No. GUJ BIL /2006/18311 Registration No. GJN-1 / 2009-2011



ब्रह्मलीन आचार्य श्री १०८ धर्मदासजी महाराजकी १७वीं पुण्य तिथि पर आयोजित विविध कार्यक्रम



श्री ५ नवतनपुरी धाममें आयोजित नन्दोत्सवके दृश्य



श्री ५ नवतनपुरी धाममें मनाई गई राधाअष्टमीकी सुन्दर झांकी

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA

SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)